માસિક
Shree Swaminarayan (Gujarati Monthaly)

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૩૨ ● નવેમ્બર, ૨૦૨૬
Volume no. 19, • Issue No. 232 • November 2026



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-

H.H.Acharya Shree
Koshalendraprasadji Pande

દીપાવલી એવં નૂતનવર્ષના મંગળમય અવસર પ્રસંગે આપ સૌને અમારા રૂડા શુભાશીર્વાદ સહ અનંત શુભેચ્છાઓ.

સંવત ૨૦૮૩ આપ સૌ માટે મંગળમય નીવડે તેવી પરમ કૃપાળુ શ્રી નરનારાયણ દેવના ચરણારવિંદમાં અમારી પ્રાર્થના.

તા. ક. રજીનો સં. ૨૦૮૩નો અંકનું ઉત્સવ "કોતર" (દિવાળી તા. ૬ થી ૧૮ જાન્યુઆરી સુધી.

પ.પૂ. મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. લાલજી મહારાજ
શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

Shree Swaminarayan Temple, Kalupur
Ahmdabad - 380001 Phone : 22132170

Shree Swaminarayan Bagh, Memnagar,
Ahmedabad - 380052 Tel : 27478070





પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૫૪માં પ્રાકટ્યોત્સવ પ્રસંગેસભામાં શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપના દર્શન.



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૨૦ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૩૨ ● નવેમ્બર-૨૦૨૬

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૮૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા

Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રીહરિના ત્રણેય અપરસ્વરૂપોના મુખેથી અમૃતવચનો ૦૬

૦૪. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સંકલ્પ જાણી ગયા ૧૧

૦૫. અમદાવાદના કલેકટરની ભવ્ય સેવા ૧૩

૦૬. ધોળકા મંદિર માટે ભૂમિદાન ૧૫

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૭

૦૮. ભક્તિસુધા ૧૮

૦૯. સત્સંગ સમાચાર ૨૦

શ્રી સ્વામિનારાયણ

અસ્મદીયમ્

સર્વે સંતો, હરિભક્તો, શ્રી સ્વામિનારાયણ અંકના સર્વે સભ્યો, વાચકો ને નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવની સ્મૃતિ સહ અને સમગ્ર ધર્મકૂળના આશીર્વાદ સહ નૂતન વર્ષાભિનંદન સાથે જયશ્રી સ્વામિનારાયણ

સંવત ૨૦૮૩ નું નૂતન વર્ષ આપ સૌને ખૂબ સુખદાયી, આરોગ્યપ્રદ, પરિવારમાં સુખ શાંતિ રહે અને શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠામાં ઉત્તરોત્તર વૃધ્ધિ થાય તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી શ્રી નરનારાયણદેવ દેશમાં ઉત્સવોની પરંપરા સતત ચાલતી રહે છે. આપણા અહોભાગ્ય છે કે આપણે સૌ તેમાં સહભાગી થયા છીએ અને થતા રહીશું.

હવે નજીકના સમયમાં ૬ જાન્યુઆરી ૨૦૨૭ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૭ પર્યન્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને ધોળકા મંદિરમાં શ્રીહરિએ સ્વયં પ્રસ્થાપિત કરેલ શ્રી મોરલી મનોહરદેવનો ૨૦૦ વર્ષનો "ત્યોહાર" ખૂબજ ભવ્ય અને ધામધૂમથી ઉજવાશે. શ્રીજીમહારાજે ૯ મહામંદિરોમાં સ્વયં દેવોની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. તેમાં આપણું અમદાવાદ, મૂળી, ભૂજ, જેતલપુરના ૨૦૦ વર્ષના ઉત્સવો ઉજવાઈ ગયા અને આ પાંચમું ધોળકા મંદિરનો ૨૦૦ વર્ષનો આ છેલ્લો ઉત્સવ છે.

શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત સત્સંગ સમાજના શહેરો, ગામોમાં વસતા દરેક હરિભક્તોને આ "ત્યોહાર"માં તન, મન અને ધનથી સેવા કરવા સમગ્ર ધર્મકૂળની ખાસ આજ્ઞા છે.

ચાલો આપણે સૌ આ નૂતન વર્ષના પ્રારંભે ખંભે ખંભા મિલાવી આ "ત્યોહાર"ની સેવામાં જોડાઈને શ્રી મોરલીમનોહરદેવને રાજી કરીએ. અસ્તુ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીજ (ઓક્ટોબર-૨૦૨૬)

૬	શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૧	શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૪	શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૨૦	આસો સુદ-૧૦ વિજયા દશમી ૫૪ મો પ્રાકટ્યોત્સવ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો.
૨૧	ધોળકા મંદિર આગામી ''ત્યોહાર''ના કાર્યક્રમો અંગે પધાર્યા.
૨૩	શ્રી સ્વામિનારાયણ મંદિર લંગાટા નાઈરોબીના ૧૦ મા પાટોત્સવ પ્રસંગે પધરામણી.



પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ઓક્ટોબર-૨૦૨૬)

૬	પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૦	ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિર ૨૦૦ વર્ષના ''ત્યોહાર''ની મિટીંગ પોતાના અધ્યક્ષસ્થાને થઈ.
૧૧	શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા કથા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૧૩	ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિર ''ત્યોહાર'' મહોત્સવ સ્થળનું નિરીક્ષણ કરવા પધાર્યા.
૧૪	અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૭	ધોળકા મંદિર ''ત્યોહાર''ની આયોજન મિટિંગ પ્રસંગે પધાર્યા.
૨૦	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૫૪ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો. કાલુપુર મંદિર.
૨૧	ધોળકા મંદિર આગામી ''ત્યોહાર''ના કાર્યક્રમો અંગે પધાર્યા.
૨૫	શાંતિગ્રામ (અદાણી) 'મંદિર' ના પાટોત્સવ પ્રસંગે પધરામણી, સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શરદોત્સવ પ્રસંગે પધાર્યા.
૨૬	શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે અને પૂનમની સત્સંગ સભામાં પધાર્યા.
૨૭	શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩૦-૩૧	શ્રી સ્વામિનારાયણ મંદિર (આઈ.એસ.એસ.ઓ.) ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.



શ્રીહરિના ત્રણેય અપરસ્વરૂપોના મુખેથી અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

પ.પૂ. મહારાજશ્રીના ૫૪ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર સભામંડપ, તા. ૨૦-૧૦-૨૦૨૬

પ.પૂ. મોટા મહારાજશ્રી : આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, ઘણા વર્ષ પહેલા આ જ સભામંડપમાં મારા જન્મ દિવસ પ્રસંગે મેં વાત કરી હતી, મને યાદ આવી ગઈ. દરરોજ મંદિરમાં દર્શન કરવા તો આવીએ જ છીએ તે સમયે ઘનશ્યામ મહારાજના દર્શન કરતા હોઈએ ત્યારે અમારા ઈષ્ટદેવ સર્વાવતારી અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ એ ભાવ સાથે દર્શન કરીએ છીએ. પણ **જ્યારે જન્મ દિવસ હોય ને ત્યારે એ ભાવ નથી રાખતા. એ દિવસે અમારા દાદાના દર્શન કરીએ છીએ એ ભાવનાથી દર્શન કરતા હોઈએ છીએ. આ 'દાદા' શબ્દ પૂ. બાપુજીએ આપેલો.** સ્કૂલે ભણવા જવાનું હોય ત્યારે દરરોજ મંદિરે ના આવી શકાય એટલે જ્યારે સારો દિવસ હોય, અગિયારસ હોય, પૂનમ હોય ત્યારે બાપુજી કહેતા આજ્ઞા કરતા કે દાદાના દર્શન કરી આવજો.

આપણા દાદા એવા સમર્થ છે કે જગતમાં કોઈ ભગવાન દીઠો છે ? કે જેણે રાઈટીંગમાં (લેખિતમાં) ગેરંટી આપી હોય કે મારા ભક્તની સાત દુકાળ જેવું હશે તો પણ રક્ષા કરીશ. આવી ગેરંટી મહારાજે વચનામૃતમાં (જે.-૫) રાઈટીંગમાં આપી છે. પણ એમાં એક **Condition** (શરત) મૂકી છે. જગતમાં આજકાલ મોટી મોટી કંપનીની જાહેરાતોમાં ગેરંટી આપણે વાંચતા હોઈએ પણ નીચે ઝીણા આક્ષરે **Condition Apply** (શરત લાગુ) એવું લખ્યું હોય એ તમારે વાંચવુ પડે પણ **મહારાજે Condition એ જ રાઈટીંગમાં લખી છે, ઝીણા અક્ષરે નથી લખ્યું. Condition એવી છે કે 'નરનારાયણદેવના થઈને રહેશો તો.'**

આજે આચાર્ય મહારાજશ્રીનો જન્મ દિવસ છે ત્યારે સંતો હરિભક્તો મળીને નરનારાયણદેવના ચરણોમાં એ જ પ્રાર્થના કરજો કે **ભગવાન અમારા પરિવાર ઉપર રાજી રહે. વચનામૃતમાં મહારાજે ચોખ્ખી વાત કરી છે કે ભગવાન પાસે માગવું નહી. એક જ વસ્તુ માગવી કે ભગવાન રાજી રહે અને એમાં બધુ આવી જાય** તો એટલું માગીએ કે અમારા પરિવાર ઉપર, આચાર્ય મહારાજશ્રી ઉપર, આપણા ઉપર મહારાજનો ખૂબ રાજીપો રહે અને નરનારાયણદેવનો વિજય ધ્વજ દિગંતમાં લહેરાતો રહે એટલી વિનંતી સાથે વિરમું છું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : વિજયા દશમીના આજના પવિત્ર દિવસે આપણા સૌના મહારાજશ્રી અને અમારા પપ્પાના જન્મ દિવસ નિમિત્તે આપ સૌ હરિભક્તો

અને સંતો આટલી મોટી સંખ્યામાં શુભેચ્છા વ્યક્ત કરવા આવ્યા છો એ બદલ અમારા સમસ્ત પરિવાર વતી સૌનો ખૂબ ખૂબ આભાર. **કાયમ જે દેવની નિષ્ઠા છે, જે ભગવાને આપેલા સિધ્ધાંત છે અને Ethics (નીતિમતા) છે, આ વસ્તુ મારા જીવનમાં જો આવી હોય તો એ મહારાજશ્રી થકી આવી છે એ હકીકત છે.** કારણ કે બધી વસ્તુ કહેવાથી નથી થતી અમૂક વસ્તુ પોતાની **Action** (ક્રિયા-કાર્ય)થી થાય છે. ખાલી માઈક ઉપર બોલવાથી, ચાર માણસને કહેવાથી ન થાય. બંધ બારણા પાછળ પણ આપણા **Action** જેવું હોય છે. **નિષ્ઠા, સિધ્ધાંત, Ethics, મોરલ (નૈતિકતા) આ બધી વસ્તુ જેઓ મહારાજશ્રીને નજીકથી ઓળખે છે એ બધા જાણે છે કે જો કોઈ મુખ્ય Principle (સિદ્ધાંત) હોય એમના જીવનનો તો એ આ છે. મેં તો નજીકથી જોયું છે, નાનપણથી જોયું છે.** અને એ જોવાથી દીકરા તરીકે મને ગર્વ થાય. **કાયમ સત્સંગ માટે દેશમાં-વિદેશમાં, દિવસ-રાત્રી મહેનત કરી છે અને એ વખાણ નથી પણ હકીકત છે. જોઈને કહું છું.** આપણે બધા શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરીએ કે સ્વાસ્થ્ય સારું છે જ, રોજ બે-ત્રણ કલાક જીમમાં કસરત કરવા જોડે જ હોઈએ છીએ, વિશેષ સારું રાખે.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ધોળકા **"ત્યોહાર"** નિમિત્તે સ્વયં સેવકોના ફોર્મ અંગેની તેમજ વિજય ધ્વજ સ્થાપન (તા. ૬-૧૨-૨૦૨૬, સાંજના ૪ કલાકે), પદયાત્રા (તા. ૧૩-૧૨-૨૦૨૬, તિરયા વાસણા ગામથી ધોળકા સુધી), દરેક પ્રકારના માર્ગદર્શન માટેની ઓફિસ જે સમૈયાની જૂની ઓફિસ હતી તેને **"ત્યોહાર"**ની ઓફિસ તરીકે કાર્યરત કરી છે, વગેરે જાહેરાત કરી તેનો લાભ લેવા તથા **"ત્યોહાર"** માં મહાપૂજા વગેરે દરેક પ્રકારે પોતાની શક્તિ અનુસાર તન, મન, ધનથી સેવા કરી અગાઉ જે પર્વ, ઉત્સવ, સમૈયો વગેરે મોટા મોટા ઉત્સવો જેવા ઉત્સાહથી ઉજવ્યા તેવા જ ઉત્સાહ સાથે **"ત્યોહાર"** ઉજવવા સૌને પ્રોત્સાહિત કરી **"ત્યોહાર"** નિમિત્તે આપણા સૌના જીવનમાં ભજન-ભક્તિ તથા શ્રી મોરલીમનોહરદેવ અને શ્રી નરનારાયણદેવની નિષ્ઠા વધે એવી પ્રાર્થના સાથે સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. મહારાજશ્રી : લાલજી મહારાજશ્રીએ વાત કરી કસરતની એટલે પછી મોટા બાપજીએ યાદ અપાવ્યું લાલજી મહારાજશ્રીને અમારા માટે કે આ ઠગ હતા (પારિવારીક ગોષ્ઠિ). એમાં એવું હતું નારણભાઈ, લગભગ ૭-૮ વર્ષની ઉંમર હોય અને સવારે ઉઠાડે, પછી દોડવાનું, આ બધુ મૂળ તો ઉપરથી આવે એટલે બધુ આગળ ચાલે, થોડું વધીને ચાલે, મોટા બાપજી લાલજી મહારાજશ્રીને એમ કહેતા હતા કે હું દોડાવતો, પણ મને જુએ એટલે દોડવા માંડે, પછી ઉભા રહે. પછી બાપજી મને કહે, સાચી વાત છે ને ? "હા, સાચી વાત છે" પણ બાપજીને મે કહ્યું હકીકત એ નથી. હકીકત એ છે કે, બિન્દુરાજા, દીકરી તો હંમેશા બાપને વહાલી જ હોય, બરોબરને ? એટલે બિન્દુરાજા કહે, મને પેટમાં દુઃખે છે, નહી દોડાય, તો બાપજી કહે, હા, દીકરા ! તમે જાવ, આને દોડાવો. આ તો જીણા જીણા પારિવારિક સંસ્મરણો છે. લાલજી મહારાજશ્રી અને અમે બન્ને કસરત કરીએ છીએ અને કરતા રહીએ એવું શરીર રહે, ભગવાન છે, રાખશે. આનંદની વાત છે. બાપજીને કહું કે, કસરતમાં ઠગાઈ કરી હશે પણ **સત્સંગમાં એમણે નથી કહ્યું ને દોડ્યો છું. એમની રાહ જોઈ નથી મેં. હકીકતમાં કહું છું.** વખાણ કરવા નથી

અંકનું ડીજીટલ વર્ઝન

આપણું "શ્રી સ્વામિનારાયણ મેગેઝીન" જાન્યુઆરી-૨૦૨૭ થી વિદેશના સભ્યો માટે ડીજીટલ થઈ જશે. આવતા અંકે મંદિરનો **WhatsApp** નંબર અંકમાં પ્રકાશિત કરવામાં આવશે ત્યારબાદ મેગેજીન માત્ર **WhatsApp** દ્વારા જ પ્રાપ્ત થશે. તો અંકના દરેક સભ્યોને વિનંતી કે અત્યારથી જ આપની ડીજીટલ કોપી મેળવવા માટે આપનો ગ્રાહક નંબર અને **WhatsApp** નંબર નોંધાવી દેશો. જે ભક્તો આમાં નોંધણી કરાવશે તેમને જાન્યુઆરી-૨૦૨૭ થી મેગેજીનનું ડીજીટલ વર્ઝન પ્રાપ્ત થશે.

કહેતો. પોતાના વખાણમાં હવાદ નથી. **કોઈની નજર પડે કે ન પડે પણ નરનારાયણદેવને રાજી કરવા માટે આપણે કરીએ છીએ. એટલે એમાં સમય કાળ જોયો નથી. સારી નરસી ગમે તે પરિસ્થિતિ હોય, તાવ આવતો હોય, અને એ મોટા બાપજીએ પણ કરેલું છે. અમે કર્યું છે અને લાલજી મહારાજશ્રી કરે છે.**

આપણે ભાગ્યશાળી છીએ કે સંપ્રદાયની અંદર અમદાવાદ દેશમાં દિન પ્રતિદિન એક એક પ્રોજકટ થતા રહે છે. લાલજી મહારાજશ્રીએ **ત્યોહાર**ની વાત કરી, બધાએ મારા વખાણ કર્યા. પણ **ગર્વની વાત એ છે કે મારાથી વધારે ઉત્સાહ એમનો છે બધી વસ્તુમાં.** જેથી હું મારો વધારે સમય નિરાંતે કસરત કરવામાં કાઢી શકું છું. **આવા સરસ ઉત્સવ સમૈયા પોતે ધ્યાન રાખીને કરી રહ્યા છે. કેટલી બધી ઉન્નતિ-પ્રગતિ છે આપણા સંપ્રદાયમાં.** સંતો-હરિભક્તો બધા જુઓ છો, સંતો તો અનુભવ કરે છે. નાના ગામોથી મોટા ગામો સુધી, આજે ટોરડાની વાત નીકળી, બીજા મંદિરોની વાત થઈ. છપૈયા સુધી **ગઈકાલે કરશનભાઈ મને મળીને, અશ્વિનભાઈ અને કરશનભાઈ એના કોન્ટ્રાકટરો લઈને છેક બદ્રિનારાયણ સુધી ગયા છે, બોલો ! આપણા આ સંપ્રદાયમાં એક દાદા ખાચર હતા, એક પર્વતભાઈ હતા, એવું નથી. માત્ર કરશનભાઈ કે અશ્વિનભાઈ માટે નથી કહેતો, પણ આખા સંપ્રદાયમાં જે લોકો પોતાનું જાણીને કરે છે તેવા દરેક હરિભક્તો માટે કહું છું.** આ બાપા પર્થથી આવ્યા, સામત્રાથી આવે છે, જુદા જુદા દેશ-પ્રાંતથી આવ્યા છે, તું ઉનાવાથી આવ્યો એક જમાનામાં. **શું વસ્તુ છે જે આપણને એકબીજાની નજીક ખેંચીને લાવે છે, વિચાર કરો. કંઈ વસ્તુ છે ? જે ભેગા કરે છે આપણને. એ આ નરનારાયણદેવ છે.**

અમે આવતા હતા ને રસ્તામાં તો જે પણ કપડા હોય નવરાત્રીના હોય, ભજીયા, ગાંઠિયા કે ફાફડા-જલેબી ખાતા હતા બધા. બિન્દેશ ગાડી લાવ્યો હતો એમા અમે ત્રણેય આવ્યા. બિન્દેશે તો મને જ કીધેલું, મે કીધુ, ત્રણેયને લઈ જઈએ ચલો, તમને એમ થાય કે રોજ નવી ગાડી, પણ એ એમની નવી ગાડી હતી અને **રોજ અમારી પાસે નવી ગાડી આવે, હજી દિવસમાં બે આવશે. રાજી થાય એ રાજી થાય, બીજા બળે એનો બળવાનુ. આ નરનારાયણદેવનો દરબાર છે. આ કંગાલનો દરબાર નથી. શીદને રહીએ કંગાલ સંતો, શીદને રહીએ કંગાલ. ભગવાન જેવો ભગવાન મળ્યો છે, પછી ભીખ માગે એ કેવા લાગે ? તિલક ચાંદલા વાળા ભીખ માગે ? કોઈ દિવસ જોયો છે તમે ? મહારાજનું વચન છે, મોટા બાપજીએ કહ્યું ને સાત દકાલી-એટલે અમારો આશ્રિત અન્ન ધન વસ્ત્ર આભરુથી ક્યારેય દુઃખી નહી રહે.** ફાફડા જલેબી ખાતા હતા એ વાત હતી તો આજે મહિમા કરીને નરનારાયણદેવને જલેબી ભટકાડી દીધી (શણગાર આરતી વખતે ધરાવેલી) ટેન્શન થાય કે ભગવાન આટલું બધુ ખાઈ જશે ? સ્યુગર વધી જાય. **ભગવાનનું સ્યુગર ના વધે. આપણે ખાઈએ તો આપણું સ્યુગર વધી જાય.**

અમારા મહંત હમણા ગયા હતા, સર્વિસ (ટ્રીટમેન્ટ) કરાવવા. હા, સર્વિસ કહેવાય એને ! ડૉ. તેજસભાઈ કાર્ડિયોસર્જન મિત્ર છે મારા, ગર્વ છે. વાત થઈ તો કહે, આર્ટરીમાં આખો હાથ નાખીએ એટલી પહોળી છે (રમૂજ), ક્યાંય બ્લોકેજ નથી. દસ વેડમીને આટલું ઘી, સ્વામી ! આ તો ઘર મેળોની સભા છે એટલે વાત કરવાની મને મઝા આવે. ઔપચારિક વાત ન ગમે. તમે સારા ને અમે સારા, તમે કર્યું ને અમે કર્યું, રોજ કથા કરીએ જૂઠી જૂઠી. એક જૂની વાત છે. ૨૦-૨૨ વર્ષનો હોઈશ હું ત્યારે ન્યુઝિલેન્ડમાં ગયેલા. મોટા પી.પી. સ્વામી સાથે હતા. એની જોડમાં એક બીજા સાધુ હતા. એ સંતને રોજ જોઈએ ને તો રોજ આમ વધે (વજન) એક દિવસે એક ખાડો ભરાય ને બીજા દિવસે બીજો ભરાય એટલે મોટા પી.પી. સ્વામીએ રમૂજ કરી કે શાસ્ત્રી ! તમારા ઘોબા ભરાય છે, હો ! કોઈ નહોતા નારણભાઈ તમારા જેવા ત્યારે, જ્યારે એ સમયે અમે ન્યુઝિલેન્ડ - ઓસ્ટ્રેલીયા ગયેલા. દસ-બાર દિવસ એક જગ્યાએ કાઢીએ. બીજી ટિકિટ કરવી હોય તો પૈસા હોય નહી એટલે એ વખતે પરિસ્થિતિ જુદી હતી. પછી તાણીએ, દિવસ જોઈને. એક બીજાના મોઢા જોઈને બેસીએ. રસ્તા માપીએ, કેટલા દૂર ? ક્યાં સુધી જશે ચાલી ચાલીને ?

પછી થોડા સમય પહેલા ન્યુઝિલેન્ડ ગયેલા. ૮-૧૦ વેડમી આવીને પડી થી સામે. હું તો સલાડ ખાતો હતો. તો મે કીધું, ખાવ સામે બેઠા હોય ને ન ખાતા હોય તો કહીએ તો ખરાને. વનરાજ ભગત હતા, બીજા હતા, કોઈ ખાતુ નહી ગળ્યું. આ સાહેબ ખાતા હતા અને હજી પણ ખાય છે, મઠ્ઠો બઠ્ઠો હોય તો ટટકારે ! બેઠા અને ખાય નહી તો મેં કીધું કેમ ? તો કહે, ઘી વગર કેવી રીતે ઉતરે ? મને ખબર નહી આમા પાછુ ઘી **Ingredient** (સામગ્રી) હોય ! સંતોને ખબર હોય, અનુભવી છો. તમારે ગામડે જઈને બનાવવી પડતી હતી ને ચોમાસામાં એક જમાનામાં. હવે સુખી થઈ ગયા તમે, અમે ને આ હરિભક્તો બધા. પછી વાટકો ભરીને ઘી આવ્યું ડૉ. કાંતિભાઈને ત્યાં. મને એમ કે આમ બોળી બોળીને લેશે થોડું પણ આમણે તો પુરુ કરી નાખ્યું. દસ વેડમીને આટલું ઘી. મને રાત્રે ગભરામણ થઈ છાતીમાં કે ટ્રેડમિલ (કાર્ડિયો એકસરસાઈઝ મશીન) મૂકીએ સંતો માટે! પણ શરીર સારુ છે. નોર્મલ આવ્યું બધુ. નોર્મલ આવતું રહે બધા સંતોનું. કેમ કે **સંતો આપણું અગત્યનું માધ્યમ છે. સંપ્રદાયનું ઘરેણું છે. શરીર સાચવજો હો, સંતો ! (હાથ જોડીને) અને સાચવે છે.** પહેલા જેવું નથી રહયું હવે. પહેલા તો ધોળકામાં પૂર્ણપ્રકાશ શાસ્ત્રી હતા ને તે ૨૦ લાડુ ખાઈ જતા. તમે તાળી પાડો છો તો બે તો ખાઈ જુઓ (કોઈકે તાળી પાડી તેને ઉદ્દેશીને), આમ ઉપર ખસ ખસ નાંખ્યું હોય પછી પથારી સિવાય કંઈ દેખાય નહી, ખરું ને અભિષેક સ્વામી ! આજના જેવા નાના લાડુ નહી, આટલા મોટા (મોટી નારંગી જેવડા) સ્વામિનારાયણના ચૂરમાના લાડુ ઓરિજિનલ ચોખ્ખા ઘીના. પાંચ લાડુ ખાધા હોય તોય સાંજ સુધી આમ તેમ પડખું ફેરવીને પછી ઉંઘ આવે તે સીધી સવારે ઉંઘ ઉડે. તમને તો અનુભવ હશે ને બાપા ! જૂની પેઢીને ઘણો અનુભવ હોય પણ એ તો ખેતરે જતા હોય. જ્યારે અત્યારે આપણે તો ગાદી તકિયા ને ગાલ મશુરીયા. પાટલેથી ખાટલે ને ખાટલેથી પાટલે. ભાગ્યશાળી છીએ આપણે. આ તો હસવાની વાત હતી.

બહાર રસ્તામાં જોયું એટલે કહેવાનું મન થાય કે **ગામની ને રામની વાત જૂદી છે. ગામનું પુરું થાય ત્યારે રામનું શરૂ થાય.** ધન્યવાદ કહેવાય એની શ્રધ્ધાને કે સવાર પહોર સુધી ગરબા કર્યા. મને તો ઉતરીને દંડવત કરવાનું મન થાય. પરણી જવા દો પછી જોઈશું. પછી વાંધો નહી આવે. બધો શોખ ઉતરી જશે. આ તો રસ્તાની વાત નીકળી પણ **શરીર સાચવવું જોઈએ.** હું તો ના પાડતો હતો કે જન્મદિવસ ઉજવવાના ધંધા ના કરાય. મને એમ હતું કે સવારે ઘેરથી ચાલી ને નરનારાયણદેવના દર્શન કરીશ પણ પછી લાલજી મહારાજશ્રીએ આગ્રહ કર્યો એટલે **Objection** (અસંમતિ) નહોતુ લેવાનું. **ખાસ કરીને આ દેવ છે. દેવનું પ્રાધાન્યપણું છે, સિધ્ધાંત છે, આપણી પરંપરા છે અને એ આપણે સાચવવી ખૂબ જરૂરી છે. એજ આપણા માટે મૂડી છે. કાયમ કહીશ, વારંવાર કહીશ. શા માટે ? તો વારંવાર કહેવાથી ઉતરે. મારામાં ઉતરે, તમારામાં ઉતરે. આ સંપ્રદાયમાં રહીને આપણી મૂડી ઉત્પન્ન થવાની છે. એ જ આપણી મોટામાં મોટી ધરોહર છે એનું ગર્વ છે. અને જીવનમાં એ નહી ઉતરે ત્યાં સુધી બધુ Useless (નકામુ) છે. આજે ગમે તેટલી મોટી દુનિયા થઈ જાય પણ જો દેવના ના થઈ શકીએ તો બધુ કર્યું, બધા સાધન, બધી માળા અને બધા તિલક ચાંદલા Useless છે. નેગેટીવ (નકારાત્મક) નથી બોલતો પણ** દુનિયામાં થાય છે એવું એટલે કહું છું. મોટો ચાંદલો કરીને કરે છે શું ? આપણે જાણતા હોઈએ છીએ આનામાં અંદર કંઈ નથી. એક જમાનામાં ક્રેડિટ હતી આપણી પણ આવા લોકોથી સંપ્રદાયની ક્રેડિટ બગડતી થઈ. આમ મોટો ચાંદલો કરે અને પછી લૂંટી આવે કો'કને.

એક હરિભક્ત છે. સારા છે, નજીકના છે. કહેતા હતા મને કે ત્યાં ગયો દુકાનમાં અંદર ચાંદલો કર્યો હતો પણ મારું કરી નાંખ્યું. મે કીધું, મારો નિયમ છે, ચાંદલો ભાળુને ત્યાં હાથ જોડી નીચે ઉતરી જવું. ક્રેડેન્શિયલ (લાયકાત) ઉપર વસ્તુ છે. ક્રેડિટ હોય છે આપણી. મેં અગાઉ પણ કીધું છે. **આપણો પગ જ્યાં પડે છે ત્યાં આખા સંપ્રદાયનો પગ પડે છે. મારી ગાડી ક્યાંક ગલ્લે ઉભી રહે તો આખો સંપ્રદાય ગલ્લે ઉભો રહે છે. તમે આ ગલ્લા ઉપર બીડી પીતા હશો તો આખા કાલુપુર મંદિરને બીડી પીતા કરી દેશો. સિમ્પલ વસ્તુ છે. અમારી તમારી, સંતોની એમ બધાની જવાબદારી બને છે. સત્સંગ સાથે જોડાયેલા હોઈએ એટલે પગ ક્યાં પડે છે એ બહુ મહત્વની વસ્તુ છે અને તકેદારી રાખવાની વસ્તુ છે. પગ વાંકોચૂંકો પડે ત્યારે એ આપણા તિલક ચાંદલાને કે આપણા દેવને કે આપણા સંપ્રદાયને લાંછન લાગે છે માટે ખૂબ તકેદારી**

રાખીએ. ભગવાનના થઈને રહીએ, દેવના થઈને રહીએ એની તકેદારી રાખીએ. ભગવાન આપણને પાત્ર બનાવે કે જેથી કરીને એમની જે મોટપ છે એ આપણે ખમી શકીએ. આપણી તાકાત વધતી રહે. માટે સંસ્કાર અને આપણી પરંપરા જાળવવી એ ખૂબ અગત્યની વસ્તુ છે.

ખૂબ આનંદ થયો. બધા એકત્રિત થયા. ભગવાન છે, તમે છો. ભગવાન તમને સુખિયા કરે. **"ત્યોહાર"** આવવાનો છે. લાલજીમહારાજ મહેનત કરે છે. જેટલી ઈચ્છા થાય એટલું થોડું થોડું કરવું. હમણા કપિલને કહેતો હતો, વાત નીકળી ગરબાની ટિકિટની. લોકો એવું માને કે અમારી પાસે ગરબાની ટિકિટ આવતી હશે, ઓળખાણ હોય એટલે. કો'કે મને કહ્યું, ગરબાની ટિકીટ ? મેં કીધું, મેલ સાલ. આપણે ટિકિટ કપાય ન જાય એનું ધ્યાન રાખવાનું. પછી સમાચાર મળ્યા, સાડા ત્રણ લાખનો એક પાસ. ટેબલ કે કંઈક હોય છે ને. નવરાત્રીના એક દા'ડાનો. આમા **"ત્યોહાર"**માં ૧૧૦૦૦/- ની મહાપૂજાની વાત થઈ તો મહાપૂજા તો કેટલા ડિસકાઉન્ટ રેટમાં કહેવાય ! વિચાર કરો. સ્વામી ૫૦૦૦/- બોલેલા એટલે મેં કીધુ ૫૦૦૦/- માં તો રિચાર્જ થાય એટલે આ પૈસાની વસ્તુ નથી પણ આપણે જોડાવાની વસ્તુ છે.

શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજ મહારાજે પોતે સ્વહસ્તે ભાલ પ્રદેશ માટે ધોળકામાં બિરાજમાન કર્યા છે. આપણને ગર્વ હોવું જોઈએ. Factual reality (હકીકત લક્ષી વાસ્તવિકતા) તમને કહું તો ધોળકા પહેલા સક્ષમ હતું પછી મોટા ભાગના ધોળકાના લોકો બાવળા, વિરમગામ વગેરે બધા મોટા મોટા શહેરોમાં જતા રહ્યા એટલે ધોળકાની લોકલ વસ્તી ઓછી થઈ ગઈ એટલે **આપણે સપોર્ટ કરીએ તો એનાથી મંદિરને સપોર્ટ થાય છે, વ્યવસ્થાને સપોર્ટ થાય છે અને એનાથી મંદિર અને આજુબાજુના સ્તસંગનો જીર્ણોધ્ધાર થાય. ઉત્સવ-સમૈયા ખઈને ઉડાવવા માટે નથી. સત્સંગના જીર્ણોધ્ધાર માટે છે. એમાંથી બચત નથી કરવાની કે F.D. નથી કરવાની. ક્યાંક હરિભક્તો માટે સગવડ ન થતી હોય તો સગવડ વધારવા માટેની વાત છે. એના માટે લાલજી મહારાજશ્રીએ ઝુંબેશ ઉપાડી છે. આપણે સૌ એમાં સહયોગ કરીએ.**

તો આજના દિવસે આપણે મળ્યા એટલે હેપી બર્થ-ડે જ છે. તમને બધાને **Happy Birth Day**, ભગવાનને **Happy Birth Day. બ્રહ્માંનદનો વ્હાલો મારે દા'ડે દા'ડે દિવાળી. ભગવાન મળ્યા પછી ક્યાં દિવસે હેપી બર્થડે નથી કે દિવાળી નથી કે પૂનમ નથી ? ઘેર સૂઈ રહીએ ત્યારે અમાસ અને મંદિર આવીએ ત્યારે પૂનમ.** આવું છે બધુ. દરેક હરિભક્તો સંતોને ભગવાન રૂડા શુભાશીર્વાદ પાઠવે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના. જયશ્રી સ્વામિનારાયણ.

આપણા વ્રતોત્સવ

કારતક સુદ-૭ સોમવાર તા. ૧૬-૧૧-૨૦૨૬ નાથદ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

કારતક સુદ-૧૨ શનિવાર તા. ૨૧-૧૧-૨૦૨૬ દેવ પ્રબોધિની એકાદશી ઉપવાસ. વડતાલ મંદિર શ્રી લક્ષ્મીનારાયણદેવ અને અમદાવાદ મંદિર રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.

કારતક સુદ-૧૫ મંગળવાર તા. ૨૪-૧૧-૨૦૨૬ મુકુટોત્સવ પૂનમ. વ્રતની પૂનમ. તુલસી વિવાહ. દેવ દિવાળી.

કારતક વદ-૨ ગુરુવાર તા. ૨૬-૧૧-૨૦૨૬ સુરેન્દ્રનગર મંદિર પાટોત્સવ.

કારતક વદ-૫ શનિવાર તા. ૨૮-૧૧-૨૦૨૬ બામરોલી (મ.પ્ર.), પ્રયાગરાજ (યુ.પી.) અને હિંમતનગર મંદિર પાટોત્સવ.

કારતક વદ-૮ મંગળવાર તા. ૧-૧૨-૨૦૨૬ ઈડર અને કાનપુર (યુ.પી.) મંદિર પાટોત્સવ.

કારતક વદ-૧૧ શુક્રવાર તા. ૪-૧૨-૨૦૨૬ ઉત્પત્તિ એકાદશી ઉપવાસ.

કારતક વદ-૩૦ મંગળવાર તા. ૮-૧૨-૨૦૨૬ અમાવાસ્યા.

માગસર સુદ-૫ સોમવાર તા. ૧૪-૧૨-૨૦૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેકટર-૨ પાટોત્સવ.

માગસર સુદ-૬ મંગળવાર તા. ૧૫-૧૨-૨૦૨૬ મકનસર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

માગસર સુદ-૭ બુધવાર તા. ૧૬-૧૨-૨૦૨૬ ધનુર્માસ પ્રારંભ, ઠાકોરજીને થાળ વહેલા ધરાવવા.

માગસર સુદ-૮ ગુરુવાર તા. ૧૭-૧૨-૨૦૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (પંચવટી) પાટોત્સવ.

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સંકલ્પ જાણી ગયા



- જે.પી. સ્વામી (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી આ દેશમાં આવીને પોતાના સબંધીઓને જે રીતે દાન કરતા હતા તે જોઈને તેમની સાથે આવેલા સદ્‌ગુરુ દયાનંદ સ્વામીને ચિંતા થવા લાગી. તેમણે વિચાર્યું કે આચાર્ય મહારાજને રોકવા જોઈએ. કેમ કે જ્યાં જેટલું જોઈએ તે કરતાં બેવડું અપાય છે. એટલું જ નહીં સગા સંબંધી ન હોય તેવા લોકોને પણ મોટી રકમ અપાતી રહેશે તો વ્યવહાર વ્યવસ્થા પર મોટી અસર થશે. છેવટે આપણે કોઈ મોટા શ્રીમંત શાહુકાર નથી કે આપણી પાસે કોઈ ગરાસ કે જાગીર પણ નથી. જે કંઈ આવક છે તે ગરીબ હરિભક્તો ઉપજ આધારિત છે. હરિભક્તો પણ જે કંઈ આપે છે તે ઠાકોરજીના નામે ધર્માદામાં આપે છે અને તેની ઉપર આપણો વ્યવહાર ચાલે છે.

એટલે આચાર્ય મહારાજ ઉપર કંઈ અંકુશ આવે તેવું કંઈક કરવું જોઈએ. તેવું સ્વામી વિચારવા લાગ્યા. છેવટે તેમણે વિચાર્યું કે કોઈને આ વાત સમજાવવા પોતા વતી થી મહારાજ પાસે મોકલવા જોઈએ. પોતે જાતે જવા કરતાં બીજા કોઈ ને મોકલવા હોય તો કોને મોકલવા તેનો વિચાર કરતાં તેમને દેવા ભગત યોગ્ય વ્યકિત જણાયા, સ્વામીને વિશ્વાસ હતો. કે દેવા ભગત ભારે પેક અને સમજુ માણસ છે. તેથી જે કંઈ વાત અહીં કે આચાર્ય મહારાજ પાસે થશે તે તેમના પેટ સુધી જ મર્યાદિત રહેશે બહાર કયાંય જશે નહી.

છેવટે દયાનંદ સ્વામીએ દેવા ભગતને બોલાવ્યા. તેમની સાથે બધી વાત કરી. તે અંગે તેમનો મત પણ એવો જ થયો. એટલે વિવેક અને મર્યાદામાં રહી આચાર્ય મહારાજ સાથે બધી વાત કરવાનું સમજાવીને તેમણે ભગતને મોકલ્યા.

સાંજના સમયે આચાર્ય મહારાજ કોઠારી લખા ભગત સાથે વાતો કરતા બેઠા હતા ત્યાં દેવા ભગત આવીને બેઠા. કોઠારી બેઠા હતા, એટલે દેવા ભગતને વાત કરવાનું કોઠે બેસતું નહોતુ અને કોઠારી હતા તે ઉઠતા નહોતા. છતાં વાત કરવાની ઉત્કંઠા હતી એટલે ભગત બેઠા બેઠા ઊંચાનીચા થતા હતા.

મહારાજથી આ છાનું ન રહ્યું.

'કેમ દેવાભગત શું વાત છે ?' છેવટે મહારાજે દેવા ભગત સામે જોઈને પૂછ્યુ.

'બસ અમસ્તાં જ.' દેવા ભગત બોલ્યા તો મહારાજ સામે જોઈને પણ તેમની આંખો વળી વળીને કોઠારી તરફ જતી હતી.

'ઠીક મહારાજ ! હું ત્યારે જાઉં, જય સ્વામિનારાયણ! દેવા ભગતનો ઉચ્ચાટ પામી જઈને વાત કરવા મોકળાશ આપવાના હેતુથી કોઠારી ઉભા થવા ગયા.

'ના બેસો.' મહારાજે આજ્ઞા કરી એટલે કોઠારી પાછા બેસી ગયા. દેવા ભગત મુંઝાયા. છેવટે આમની હાજરીમાં જ વાત કરવી પડશે એવું વિચારવા લાગ્યા.

'તમારૂ આવવાનું કારણ હું સમજુ છું. તમારો ઉચાટ પણ સમજુ છું.' કોઠારી આપણા જ છે. બીજા નથી. તમારે ખર્ચાની વાત કરવાની છે ને !' અંતર્યામીપણે જાણી ગયેલા અયોધ્યાપ્રસાદજીએ ધડાકો કર્યો. દેવા ભગત ગદ્‌ગદિત થઈ ગયા. તેમણે માંડીને વાત કરી. સત્સંગની પરિસ્થિતિ પણ સમજાવી.

'તમે તો જાણો છો ભગત કે ભગવાન પુરૂષોત્તમ નારાયણ અમારા પિતા છે અને લક્ષ્મીજી માતા. પછી અમને લક્ષ્મીની કેવી ચિંતા ?'

આનો જવાબ તો દેવા ભગત પાસે હતો નહી. એટલે ઉઠ્યા ને જય સ્વામિનારાયણ કરીને બહાર નીકળ્યા, ભગત જતાં હતા ત્યારે મહારાજ બોલ્યા કે જેમણે તમને આ વાત કરવા મોકલ્યા તેમને મારી પાસે મોકલજો.

દયાનંદ સ્વામીએ ભગતની વાત સાંભળી એટલે ઉભા થયા.

'મહારાજ તમને કંઈ ઠપકો આપશે સ્વામી ?' ભગતે પૂછ્યું.

'ઠપકાની ચિંતા સંસારીને હોય, ત્યાગીને એવી ચિંતા શાની ?' સ્વામી નિરાભિમાનીપણે બોલ્યા, 'આપણે જે કહ્યું છે તે સત્સંગનો વિચાર કરીને કહ્યું છે. મહારાજ ન સમજે તેવું પણ નથી' એમ કહીને સ્વામી મહારાજ પાસે જઈ પહોંચ્યા.

મહારાજ તેમની જ રાહ જોતા હતા. કોઠારીને પણ બેસાડી રાખ્યા હતા. સ્વામી આવ્યા એટલે બંનેને લઈને મહારાજ કોઠારમાં ગયા. મહારાજે પ્રેમપૂર્વક સ્વામીનો હાથ પોતાના હાથમાં રાખીને ચાલતા હતા.

કોઠારીએ કોઠાર ખોલ્યો કે, કોઠારી અને સ્વામી જોતાં જ રહી ગયા. હજુ હમણા જ તે કોઠારી કોઠારમાં આવ્યા હતા. આટલીવારમાં કોઠારમાં આટલો પ્રકાશ શાનો થઈ ગયો ?

કોઠારી કંઈ વિચારે કે મહારાજને કંઈ કહે તે પહેલાં તો મહારાજ સ્વયં કોઠારી અને સ્વામીનો હાથ પકડીને કોઠારમાં પ્રવેશ્યા. અંદર જઈને જુએ છે તો ભારેમાં ભારે વસ્ત્રો અને અતિ કિંમતી ઘરેણા પહેરેલી ઘનશ્યામ મહારાજની કિશોરાવસ્થાની અલૌકિક મૂર્તિ તેમની સામે સ્મિત કરી રહી હતી. આ પહેલાં ક'દિ ન જોયો હોય તેટલો ધનવસ્ત્રથી ભરેલો કોઠાર જોઈને કોઠારી અને દયાનંદ સ્વામી ચકિત થઈ ગયા.

દયાનંદ સ્વામીને પોતાની ગણત્રી અને ખ્યાલ ખોટા હતા તેની પ્રતિતી થઈ ગઈ. માત્ર સત્સંગીઓ આપે છે તેનાથી જ સત્સંગનો વહેવાર ચાલે છે એ વાત માત્ર ભ્રમણા હતી. હકીકતમાં તે ખુદ શ્રીહરિ જ બધો વહેવાર અંતર્યામીપણે ચલાવી રહ્યા છે તે વાત તેમને બરાબર સમજાઈ ગઈ. પોતાની ઉતાવળ અને ગેર સમજણ બદલ પસ્તાવો વ્યક્ત કરી બે હાથ જોડીને સ્વામી મહારાજની ક્ષમા માગવા લાગ્યા. તેમણે મહારાજમાં પણ ઈશ્વરીય અંશ હોવાનું સ્વીકાર્યું પોતે તેમને ઓળખી ન શકયા તે વાત ગદ્‌ગદિત કંઠે મહારાજને કહીને સ્વામી દંડવત પ્રણામ કરવા લાગ્યા.

દંડવત કરતા સ્વામીને ઉભા કરીને આચાર્ય મહારાજે છાતીએ લગાડ્યા. ગઢપુરમાં ભગવાન સ્વામિનારાયણે સાબરમતી ગંગાના જળ રહે ત્યાં સુધી લક્ષ્મી નહીં ખૂટવાના આપેલા વચનની સ્વામીને વાત કરીને મહારાજની હાજરાહજૂર કૃપાનો વિશ્વાસ અપાવ્યો. મહારાજની ઈચ્છાથી જ આપણે અહીં મંદિર બંધાવવા છપૈયા આવ્યા છીએ. બધુ મહારાજની ઈચ્છાથી થાય છે, તમે અને હું તો માત્ર નિમિત્ત બનીએ છીએ. તમને જાગેલી આ આશંકા પણ શ્રીજી મહારાજની ઈચ્છાનું જ પરિણામ હતું. આમ કરીને મહારાજ પોતાની કૃપાની આપણને સૌને ખાત્રી કરાવવા માગતા હતા તેમ તમારી મેળે ઉચાટ થાય તે કરતાં જાતે તમને ઉચાટ ઉત્પન્ન કરાવી આ રીતે તમારા મનનું સમાધાન કરાવવા જ શ્રીહરિએ આ આયોજન કર્યું છે.'

'હવે મારા મનમાં કોઈ ઉચાટ નથી. ન તો કોઈ શંકા બાકી રહે છે ? દયાનંદ સ્વામીએ કહ્યું, 'તમારા દ્વારા થતા ગમે તેવા ખર્ચ હવે મને મુંઝવશે નહી.'

'ભગવાન પુરૂષોતમ નારાયણની આ વિસ્તારમાં પણ એક દિવસ ખૂબ જ ખ્યાતિ થવાની છે. અહીં મંદિર બંધાવી તેમાં ધર્મ-ભક્તિ, ઘનશ્યામ મહારાજ અને રામપ્રતાપભાઈની મૂર્તિઓ પધરાવ્યાથી કાર્યની ઈતિશ્રી નથી થતી. પ્રભુના જન્મસ્થાનની જગ્યાએ લાખો રૂપિયા ખર્ચીને અહીં મોટો રંગમહોલ બનાવી તેમાં સુખશય્યાની સ્થાપના કરવાની છે. રામનવમી, જન્માષ્ટમી, અન્નકૂટ, પ્રબોધિની વગેરે ઉત્સવોના દિવસોએ અહીં લાખો લોકોનો મેળો જામશે. અહીં નારાયણસરોવરમાં સ્નાન કર્યા પછી ઘનશ્યામ મહારાજના દર્શન કરીને જે છાપ લેશે તે પોતાના પિતરાઈએ સહિત મોક્ષ ગતિ પામશે. શ્રીજીમહારાજની એમાં પ્રસન્નતા હોવાથી જ અમે અહીં આ બધો દાખડો કરીએ છીએ.'

આચાર્ય મહારાજની વાતથી દયાનંદ સ્વામીને પૂરતો સંતોષ થઈ ગયો હતો એટલે મહારાજને પ્રણામ કરીને તેઓ પોતાના આસને ગયા.

શ્રી સ્વામિનારાયણ

અમદાવાદના કલેકટરની ભવ્ય સેવા

- શાસ્ત્રી હરિકેશવદાસ

''નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'' મંગળ શબ્દોના પડઘા હવામાં ગૂંજી ઉઠ્યા.

અમદાવાદના ભદ્રના કિલ્લામાંની ઓફિસમાં કામ કરી રહેલા અંગ્રેજ કલેકટર એન્ડ્રયુ ડનલોપના કાને એ શબ્દો પડ્યા. ને તેણે પોતાના કારકૂનને પૂછ્યું. ''મોતીરાવ! આવા મધુરા શબ્દો કોણ બોલે છે? શા માટે બોલે છે?''

'સાહેબ, જવાદોને, એ તો સ્વામિનારાયણના સાધુઓ ભિક્ષા માગવા નીકળ્યા છે તેમના શબ્દો છે' મોતીરાવે કહ્યું.

'પણ એ શબ્દોમાં કેટલી મીઠાશ છે! જા, બોલાવી લાવ મારે એ સાધુઓને જોવા છે.'

મોતીરાવ ઈર્ષાળુ જીવ હતો. પણ કલેકટર સાહેબની આજ્ઞા થઈ એટલે ન છૂટકે સાધુઓને બોલાવવા જવું પડ્યું. સાધુઓની શાંત અને ભવ્ય આકૃતિઓ તથા સૌમ્ય વેશભૂષા જોઈને કલેકટર સાહેબને આનંદ થયો. આસન આપી બેસાડ્યા અને આદરથી પૂછ્યું કે' આપ ક્યાં રહો છો? શી પ્રવૃત્તિ કરો છો? આપના ગુરૂ કોણ છે?

'ભગવાન સ્વામિનારાયણ અમારા ગુરૂ છે. મારૂં નામ મુક્તાનંદ છે. અમે ગામે ગામ ફરીએ છીએ. વ્યસન, વાસનાના પાશમાંથી મુમુક્ષુ આત્માઓને છોડાવી પ્રભુના ભક્ત બનાવવા, આદર્શ માનવ બનાવવા એ અમારી પ્રવૃત્તિ છે. હાલમાં અમે અહીં કાંકરીઆની પાળે રહીએ છીએ' મુક્તાનંદ સ્વામીએ જવાબ આપ્યો.

''તમારા ગુરૂ ક્યાં રહે છે? એ અમદાવાદ નથી આવતા?'' જીજ્ઞાસા પૂર્વક સાહેબે પૂછ્યું.

'અમારા ગુરૂ પણ ગામોગામ ફરતા રહે છે. અધમોને ઉદ્ધારે છે. પતિતોને પાવન કરે છે. અત્યારે તેઓ ગઢપુરમાં વિરાજે છે. અમદાવાદમાં પણ બહુ વખત આવેલા છે. પણ થોડા સમય પહેલાં પેશ્વાએ અમદાવાદમાં આવવાની મનાઈ કરેલી તેથી અહીં આવતા નથી.' મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

'પણ હવે તો પેશ્વાનું રાજ્ય રહ્યું નથી, તમે એમને જરૂર અહીં બોલાવો.'

'સારૂં, આપના વતી હું વિનંતી કરીશ.' મુક્તાનંદ સ્વામી વિદાય થયા. સાહેબ સાથે મુક્તાનંદ સ્વામીને એ રીતે પરિચય થયો. સાહેબે સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદમાં બોલાવવાનું કહ્યું એ જોઈ મોતીરાવના પેટમાં તેલ રેડાઈ ગયું. એમના હૃદયમાં ઈર્ષાનો અગ્નિ બળવા લાગ્યો. એ મનમાં મુંઝાવા લાગ્યો. અરે રે! સ્વામિનારાયણ આ શહેરમાં ફરીથી આવશે. સભાઓ ભરશે. ખૂબ ઉપદેશ આપશે. એનો ઉપદેશ સાંભળીને માણસો, દારૂ, માંસ, અનીતિ, ચોરી આદિ બધું છોડી દઈને એમના આશ્રિત બનશે. અમદાવાદમાં એમનો અનેરો મહિમા વધશે. મોતીરાવ મનમાં દાઝવા લાગ્યો. એમના મનમાં થયું કે સાહેબને કંઈક અવળું-ઊંધું ઠસાવું ને હજુય પેશ્વા સરકારનો મનાઈ હુકમ ચાલુ રખાવું.

એક દિવસે તક જોઈને કહ્યું, ''સાહેબ આપને એક ખરી બાબતનો ખ્યાલ આપવો છે. આપશ્રીએ સહજાનંદ સ્વામીને અમદાવાદમાં બોલાવવાની છૂટ આપી છે પરંતુ એ બાબત પુનર્વિચારણા માગી લે છે. કારણ કે સહજાનંદ સ્વામીની વાણીમાં અજબ જાદુ ભરેલો છે. એમની વાણી સાંભળીને ઘણા પુરૂષો પોતાની પત્ની, ગૃહ, સંપત્તિ આદિ સર્વસ્વનો ત્યાગ કરી સાધુ બની જાય છે. જીવન પર્યંત એમની આજ્ઞામાં રહે છે.''

''એ તો ભારે કહેવાય. સંસાર, સંપત્તિ અને સુંદરીનો ત્યાગ કરવો એ તો દેવો માટે પણ અશક્ય છે. એ ત્રણેનો ત્યાગ કરી શકે એ ત્રિલોક વિજેતા બની શકે. જેમની વાણી સાંભળતાં આવા અદ્‌ભુત ત્યાગની શક્તિ માણસમાં આવી જાય છે એમના દર્શન કેટલા અલૌકિક હશે? એ અમદાવાદમાં પધારશે ત્યારે એમના દર્શનથી હું મારી જાતને અહોભાગી માનીશ'' સાહેબે આનંદ વ્યક્ત કરતા કહ્યું.

સાહેબના શબ્દો સાંભળીને મોતીરાવને થયું કે આ તો પાસા અવળા પડ્યા. પછી એક દિવસે ફરીથી કહ્યું કે, સ્વામિનારાયણ પોતાની સાથે જુવાન, જોરાવર લડવૈયા કાઠીનું મોટું લશ્કર રાખે છે, એ લશ્કર સાથે આવશે અને રાજ્યની શાંતિ જોખમાશે. નવા જામતા અંગ્રેજ રાજ્યના કલેકટરને મોતીરાવની આ વાતે થોડાક શંકામાં નાંખ્યા.

મહાપ્રભુ પોતે અમદાવાદ આવવા નીકળ્યા છે. પોતાની સાથે વિદ્વાન સંતમંડળ તથા હથિઆર બંધ કાઠી-દરબારોનો રસાલો પણ ખરો. સૌની વચ્ચે મનવેગી માણકી પર પ્રભુ વિરાજ્યા છે. આજુબાજુ સોનારૂપાની છડીઓવાળા પાર્ષદો છે. અનેક ભક્તોના મનોરથોને પૂર્ણ કરતા કરતા પ્રભુ જેતલપુર પધારે છે.

પવિત્રતામાં નૈમિષારણ્ય, રમણતીયતામાં વૃન્દાવન, દિવ્યતામાં બદરીકાશ્રમ અને સુંદરાતમાં શ્વેતદ્વીપની ઝાંખી કરાવે એવા જેતલપુરમાં બધા સંઘ સાથે પ્રભુએ વિશ્રાંતિ લીધી. ભોજન-પાણી થયાં. પછી પાસે બેઠેલા આધારાનંદ નામના એક સંતને પ્રભુએ કહ્યું કે, ''ભગવાને તમને કેવી કલા આપી છે, એક તો કવિ છો સાથે સાથે ચિત્રકાર પણ છો. સોનામાં જાણે સુગંધ ભળી. ચાલો કાગળ અને પીંછી લો અને અમે કહીએ પ્રમાણે એક ચિત્ર તૈયાર કરો.''

આધારાનંદ સ્વામીએ કાગળ અને પીંછી લીધા. ભગવાને સ્થળ અને પ્રસંગનું વર્ણન કરવા માંડ્યું અને જોત જોતામાં આખું ચિત્ર તૈયાર થઈ ગયું. પ્રભુએ બરાબર ધ્યાનપૂર્વક એ ચિત્ર જોઈને પોતાના પ્રિય સેવક ભગુજીને સોંપ્યું અને સૌને ચાલવાની આજ્ઞા આપી.

રસ્તામાં જય જયકાર થઈ રહ્યો છે. આજ ઘણા સમય પછી સ્વામિનારાયણ અમદાવાદ પધારે છે. લોક વાતો કરી રહ્યાં છે. માર્ગમાં ચંડોળા તળાવ આવ્યું. ચારે તરફ ઘટાદાર વૃક્ષો છે. રંગબેરંગી કમળો ખીલી રહ્યાં છે. તરસ્યા ઘોડાઓ તલાવમાં પાણી પી રહ્યાં છે. પ્રભુ એક વૃક્ષ નીચે થોડીવાર માટે વિરાજમાન થયા છે.

ત્યાં તો સામેથી ધૂળ ઉડતી જણાઈ. કલેકટર બે ચાર અંગરક્ષકો સાથે ત્યાં આવી પહોંચ્યા. હથિયારધારી કાઠીનો કાફલો જોઈને કલેકટરને મોતીરાવે કહેલી વાતોની શંકાઓ સતાવી રહી.

પ્રભુએ પૂછ્યું : ''ચમકો છો કેમ?''

કલેકટરે કહ્યું : ''મને એવી માહિતી મળી કે સહજાનંદ સ્વામી કાઠીઓનું કટક લઈને અમદાવાદ તરફ આવે છે, હું એ વાત માનતો ન હતો પણ.....''

કલેકટર આગળ બોલે તે પહેલાં જ પ્રભુએ હસીને કહ્યું કે,તમને આ હથિઆરો જોઈને શંકા હશે પણ અમારા પાર્ષદો પાસે રહેલાં એ હથિઆરોમાં હિંસકતા નથી. એ હથિઆરની ધારો દયામાં ડુબેલી છે. ક્ષમા રાખવી એ અમારો ધર્મ છે. આ બધાજ એમાં માને છે. પરંતુ દુર્જનો જ્યારે આવા નિર્માની સંતને દુઃખ આપે ત્યારે સંતની રક્ષા કરવી એ પણ ધર્મ હોઈ સર્પ-ફુત્કાર ન્યાયે અમારા પાર્ષદોએ હથિઆર ધાર્યા છે. હિંસા-લડાઈ માટે નહિંજ'' પ્રભુની અમૃતમયી વાણી સાંભળી કલેકરના અંતરમાં અનેરી શાંતિ થઈ, અને સ્થિર થઈ ગયા. પ્રભુએ પૂછ્યું : 'કેમ શું વિચારો છો?'

કલેકટરે કહ્યું : આપના દર્શન કરીને મારી યુવાનીમાં બનેલો એક પ્રસંગ મને યાદ આવે છે. એક વખત હું ફ્રાંસના જંગલમાં શિકારે ગયો હતો. એક વાઘની પાછળ મેં ઘોડો દોડાવ્યો. મારી ગફલતના કારણે વાઘે મારા પર વળતો હુમલો કર્યો. એ વખતે મને મારા ઘોડા સાથે કોઈકે ઊંચે ઉપાડી લીધો. મેં જોયું તો કોઈ દિવ્ય આકૃતિનાં મને દર્શન થયાં. હું આબાદ બચી ગયો, એ દિવ્ય સહાયના પ્રતાપે. આજે એ વાતને વર્ષો થઈ ગયાં છતાં એ આકૃતિ મનમાં રમે છે. આપનાં દર્શન થતાં મને લાગે છે કે આપની મુખમુદ્રાજ એ વખતે દેખાઈ હતી. આપજ મારા જીવન રક્ષક હતા એમ મને જણાય છે.

કલેકટરની વાત સાંભળીને મંદ મંદ હસતા પ્રભુએ આધારાનંદ સ્વામી પાસે દોરાવેલું ચિત્ર ભગુજી પાસેથી લઈને કલેકટરના હાથમાં મૂકતાં કહ્યું કે ''લ્યો, આ એજ પ્રસંગ કે બીજો?''

ચિત્રને જોતાં જ કલેકટર સાહેબ તો દંગ થઈ ગયા. અહો! આ મારો બંગલો, આ મારૂં પ્રિય બદામનું વૃક્ષ; જેના નીચે હું કાયમ બેસતો અને આ એજ જંગલ કે જ્યાં હું શિકાર માટે ગયેલો, અને આ રીતેજ હું અધ્ધર ઉંચકાયેલો. આબેહુબ એ પ્રસંગ ચિત્રમાં સચોટ જોઈને આશ્ચર્ય પામતા કલેકટર પ્રભુના ચરણોમાં ઝુકી પડ્યા. એન્ડ્રયુ ડનલોપ સાહેબને નિશ્ચય થઈ ગયો કે સ્વામિનારાયણ સાક્ષાત પરમાત્મા છે.

વાજતે ગાજતે સમૈયું કરીને પ્રભુને શહેરમાં પધરાવ્યા. અમદાવાદના સત્સંગીઓ માટે આજે આનંદનો ઉત્સવ હતો. આખા શહેરમાં ખોબે ખોબે સાકર વેચાઈ અને જય જયકાર થઈ રહ્યો.

બીજે દિવસે કલેકટરે આવીને પ્રાર્થના કરી પ્રભુ ? આપ તો મારા પ્રાણ રક્ષક છો. કહો, હું આપની શી સેવા કરૂં?

પ્રભુએ કહ્યું : અમારે બીજું તો શું કામ હોય ? પણ અમારા સાધુઓને ઉતરવા માટે અમદાવાદમાં એકાદ સ્થળ હોય તો સારું' કલેકટરે કહ્યું : 'આપ જ્યાં કહો ત્યાં જમીન કાઢી આપું.' પછી કાલુપુરમાં નવા વાસ પાસેની ખાલી પડેલી જમીન પ્રભુએ પસંદ કરી. અને કલેકટરે કાયદામાં અપવાદ કરી કાયમી દસ્તાવજે કરી આપ્યો. ત્યાં સાધુઓ માટે સાત્વિક ધર્મશાળા બંધાઈ. ધર્મશાળાની સામેજ ત્રણ શિખરનું વિશાળ દિવ્ય મંદિર બંધાયું. એ મંદિરમાં શ્રી નરનારાયણદેવ વિરાજમાન થયા.

આ રીતે પ્રભુને જમીન ભેટ-બક્ષીસમાં આપીને પોતાનું આત્મકલ્યાણ કરનાર એ એન્ડ્રયુ ડનલોપ આપણા અમદાવાદના પહેલા જ કલેકટર હતા. સત્સંગના ઈતિહાસમાં એ અમર બની ગયા. (શ્રી સ્વામિનારાયણ માસિક ફેબ્રુઆરી-૧૯૬૮ માં પ્રકાશિત થયેલ લેખ)

ધોળકા મંદિર માટે ભૂમિદાન

- શાસ્ત્રી અજયપ્રકાશદાસ (ધોળકાધામ)



શ્રીહરિએ વડતાલમાં સંવત ૧૮૮૧ ના કાર્તિક સુદ બારસના શુભ દિને લક્ષ્મીનારાયણદેવની સ્વહસ્તે સ્થાપના કરી તે સમય પછી એક વખત ચરોતરના હરિભક્તો શ્રીહરિના દર્શન કરવા વડતાલ આવ્યા અને ષોડશોપચારથી શ્રીહરિનું પૂજન કરી હાર પહેરાવી, આરતી ઉતારી અને સાથે લાવેલ મેવા મીઠાઈ તથા ફળ ફળાદિ અને વસ્ત્ર આભૂષણ ભેટ ધર્યા. એજ સમયે ધોળકાના હરિભક્તો પણ આવ્યા હતા. તેમણે પણ ભક્તિભાવ પૂર્વક પૂજન કર્યું. વિપ્ર રેવાશંકરભાઈ કેળાનું ગાડું ભરીને લાવ્યા હતા. તે શ્રીજીને અર્પણ કર્યા. ધોળકાના હરિભક્તોની સેવાથી શ્રીહરિ પ્રસન્ન થયા.

આ સમયે શ્રી રેવાશંકરભાઈએ શ્રીહરિને ધોળકામાં મંદિર બનાવવા માટે પ્રાર્થના કરી અને તે માટે ધોળકામાં જમીન દાનમાં આપવાની તત્પરતા દાખવી અને સાથે આવેલા હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા આપવાની ખાતરી આપી.

શ્રીહરિએ ધોળકાના હરિભક્તોની વિનંતી પ્રસન્ન ચિત્તે સ્વીકારી અને મંદિરમાં પધરાવવા માટે રાધાકૃષ્ણદેવની મૂર્તિઓ આપી. રેવાશંકરભાઈ જે ગાડામાં કેળા લાવ્યા હતા તેજ ગાડામાં મૂર્તિઓ ધોળકા લાવ્યા અને પોતાના મકાનમાં આ મૂર્તિઓ પધરાવી.

શ્રી રેવાશંકરભાઈની ભાવના હતી કે જેમ બને તેમ જલ્દી ધોળકામાં મંદિર બને. તેથી તેમણે પોતાના મકાનની વિશાળ જમીન મંદિરને કૃષ્ણાર્પણ કરી અને તે અંગેનો દસ્તાવેજ સંવત ૧૮૮૧ ની વિજયા દશમીના દિવસે એક રૂપિયાના સ્ટેમ્પ પર કરી આપ્યો.

નોંધ : જે સ્થળે રાધાકૃષ્ણદેવની મૂર્તિ પધરાવી હતી તે પ્રસાદીના સ્થળે હાલમાં છત્રી બનાવીને ત્યાં ચરણારવિંદ પધરાવેલ છે.

આ લેખની નકલ નીચે પ્રમાણે છે.

સંવત ૧૮૮૧ ના વર્ષે આસો સુદી-૧૦ ને સામી સહેજાનંદજી મહારાજ જોગ લી. કસ્બે ધોળકાના હરીભગત સતસંગી રેવાશંકર પરજારામ રહેવાસી કસ્બે ઊંડા પાડાના ચકલામાં બે ફળીયાના લીમીડાની ઉગમણી કોરનું મંદિર તમામ ધરમશાળા વગેરે તમોને લખું છું. તેહેના ખુંટની વીગત ઉગમણી કોરા પોળ મધ્યે છે. તે પોતાનું મધ્યનું બારણું છે. તે બારણાની ચાલ આથમણી છે. તેમાં રૂપ ભોગવતા ઉત્તર દિશા ભણીના ઘરોમાં ભાયલાલ ભટ્ટાના કરા છે. તો પછમી દીશામાં બારણું - ઓટલા આ મંદિરના છે. ને ઓટલાની નીચે પાણી જવાનો ખાળ છે. તે ઉપર લખેલી એ જ દીસા ભણી મીઠાવાણીયાની પોળ અમારાથી થોડીક નદજીક હાડાની હાથ છે. ને એ મંદિરની જગામાં ધરમશાળા દબણાદી ભણી છે. તેમાં ઓરડીઓ બે છે. ઉગમણી દીસા ભણી બારણા છે. ને ઉપર લખેલી એ મંદિરમાં ધરમસાળાનો પછવાડો છે તે મધે એ મંદિરને પેટે કૂવો છે ને એ મંદિરની કૃષ્ણાર્પણ અમોએ આપી છે. તેમાં અમારો કાંઈ દરદાવો અલાખો નથી. ને આ મંદિરની તમામ જગો આ કુવા સુધાંત અમો અમારી ખુશીથી અકલ હુશીયારીથી લખનાર અમને શાનીધ કૃષ્ણારપણ તમને આપું છું તે સહી છે.

૧ અતરે (અત્રે) મતુ ૧ અતરે (અત્રે) શાખ
૧ રેવાશંકર પરજારામ ધોળકાના ૧ શ્રી સુરજ શાખ
હરિભગત સત્સંગી મતુ ૧ ભટ નારણજી ત્રિકમજી શાખ

ઉપર લખ્યું છે, તે સહી છે. ૧ અંદરજી પજારામ શાખ
દઃ પોતે હાથે સહી કરી છે. ૧ નરભેરામ જીવા શાખ

(આમ એકંદર આઠ શાખ છે.

નોંધ : આ મૂળ લેખની ઝેરોક્ષ મંદિરને મકાન-જમીન સમર્પણ કરનાર સત્સંગી શ્રી રેવાશંકરભાઈના વંશજો પાસેથી મળેલ છે. તેમાં આવતા સામી (સ્વામી), વરખે (વરસે) કસ્બો (તાલુકો) દીસા (દિશા) અતરે (અત્રે) અલાખો ઈત્યાદિ તે વખતે જે રીતે લખાયેલ.

મૂર્તિ પ્રતિષ્ઠા માટે નિમંત્રણ

થોડા સમયમાં જ ધોળકામાં મંદિર બનાવવા માટે સ.ગુ. પૂર્ણાનંદ સ્વામીએ પાયા ખોદાવી ચણતર કામની શરૂઆત કરી હતી. પરંતુ તે કામ અધૂરું રહ્યું. (આજે પણ સભા મંડપના મુખ્ય પગથિયાની ડાબી બાજુએ દશેક ફૂટ દૂર જમીનને અંદર પાયાની ઈંટો જોઈ શકાય છે.

ત્યારબાદ ધોળકામાં મંદિરના બાંધકામની સંપૂર્ણ જવાબદારી સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીને સોંપાઈ હતી. સંપ્રદાયના અગાઉ તૈયાર થયેલ શિખરબધ્ધ મંદિરની બાંધણી અને સ્થાપત્ય દૃષ્ટિ સમક્ષ રાખી સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી અને સંત મંડળે કામગીરી આરંભી, મંદિરની જગ્યાના માપને ધ્યાનમાં રાખી અનુભવી સલાટોના સહકારથી સુયોગ્ય આયોજન કરી મંદિરના બાંધકામનો નવેસરથી હાલ જ્યાં મંદિર છે, ત્યાં પાયા ખોદાવી પ્રારંભ કર્યો. ધોળકાનાં હરિભક્તોનો આ કામમાં ભક્તિ અને શ્રધ્ધાપૂર્વક સાથ મળતો રહ્યો. બહારના હરિભક્તોએ પણ સારી એવી સેવા કરી. ધોળકાનું મંદિર તૈયાર થતા સમય તો લાગ્યો પણ સુંદર એક શિખરવાળું રમ્ય મંદિર તૈયાર થઈ ગયું.

મંદિર તૈયાર થઈ જતાં શ્રી રેવાશંકરભાઈ સહિત અગ્રણી હરિભક્તો શ્રીહરિને મળી, તેમની આજ્ઞાનુસાર મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. શ્રીહરિ હાલમાં વડતાલમાં બિરાજે છે, તેની ખાતરી કરી રેવાશંકરભાઈ તથા હરિભક્તો શ્રીહરિ પાસે આવ્યા. ધોળકાના આ ભક્ત સમુદાયને જોઈ શ્રીહરિ તેમના મનોભાવ પારખી ગયા અને રાજી થઈ અહીં દર્શને આવવાના પ્રયોજનની પૃચ્છા કરી.

શ્રી રેવાશંકરભાઈએ બે હાથ જોડી વાતની શરૂઆત કરી અને અંતમાં કહ્યું : ધોળકા મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. હવે આપ ત્યાં પધારો અને મૂર્તિ પ્રતિષ્ઠાની તિથિ નક્કી કરી અમદાવાદ, મૂળી મંદિરની જેમ આપના સ્વહસ્તે મૂર્તિ પધરાવો.

શ્રીહરિ તેમની વાત સાંભળી રાજી થયા અને તરત જ સંતો અને હરિભક્તો સાથે ધોળકા આવવાનું સહર્ષ સ્વીકાર્યું.

શ્રીહરિ ધોળકા પધાર્યા. ભવ્ય નયનરમ્ય મંદિરની રચના જોઈ રાજી થયા અને આવું કલાત્મક મંદિર તૈયાર કરવા માટે સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીની પ્રશંસા કરી.

શ્રીહરિએ ધોળકા ગામમાંથી વિદ્વાન બ્રાહ્મણને બોલાવી મુહૂર્ત જોવરાવ્યું અને મૂતિ પ્રતિષ્ઠા માટે સંવત ૧૮૮૩ ના વૈશાખ વદ પાંચમને બુધવારની તિથિ (તા. ૧૫ મે ૧૮૨૭) નક્કી થઈ.

શ્રીહરિની આજ્ઞાનુસાર પ્રતિષ્ઠા મહોત્સવની આમંત્રણ પત્રિકાઓ ગામોગામ મોકલી સંતો તથા હરિભક્તોને આ ઉત્સવ પર વહેલાસર આવવા આમંત્રણો પાઠવ્યા.

ધોળકા શહેરમાં પ્રતિષ્ઠા મહોત્સવની તિથિ નક્કી થતાં આનંદ મંગલ પ્રવર્તવા લાગ્યા અને ઉત્સવ ધામધૂમથી ઉજવાય તે માટે તડામાર તૈયારીઓ થવા લાગી.

આજ મોરલીમનોહર ભગવાનનો ૨૦૦ મો "ત્યોહાર" મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય તે માટે મહોત્સવના અધ્યક્ષશ્રી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આ મહોત્સવની પૂર્વ તૈયારી માટે સંત-હરિભક્તોને સાથે રાખી ઉત્સવ ખૂબ ભવ્યતાથી ઉજવાય તે માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે.

પ્રયાગરાજ શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા (જોઈન્ટ) મહંતશ્રીની નિયુક્તિ

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રયાગરાજ (યુ.પી.) ના વર્તમાન સ.ગુ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી વામનપ્રસાદદાસજી સાથે નવા જોઈન્ટ મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી બ્રહ્મવિહારીદાસજી ગુરુ સ.ગુ. સ્વા. ઉત્તમપ્રિયદાસજી (મૂળીવાળા)ને નિયુક્ત કર્યા છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન
દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-ઓકટોબર-૨૦૨૬

તા. ૧૩-૧૦-૨૦૨૬ પ.ભ. ગીતાબેન હસમુખભાઈ પટેલ (કરજીસણવાળા) હાલ ન્યુ રાણીપ, અમદાવાદ.



"જેમ શ્રી નરનારાયણ દેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ કે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ ઈત્યાદિ સર્વોપરિ શ્રીહરિએ પધરાવેલ સ્વરૂપોના દર્શન-સેવાથી સર્વના મનોરથ પૂર્ણ થાય છે તેવી જ રીતે આઠ નંબરના હોલમાં પધરાવવામાં આવેલ શ્રીહરિની નિત્યપૂજામાં પૂજેલ શ્રીનરનારાયણદેવની પ્રસાદીની ચલ સ્વરૂપની મૂર્તિનો અભિષેક કરાવવાથી, દર્શનથી ભક્તોના તમામ શુભ સંકલ્પ શ્રીજી મહારાજ પૂર્ણ કરશે તેવી અમને ખાત્રી છે."

- પ.પૂ.મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં પૂજેલ હોલ નં.૧માં પધરાવેલ પ્રસાદીના હનુમાનજીનું સમૂહ પૂજન તથા અભિષેકનું આયોજન તા.૭-૧૧-૨૦૨૬ને શનિવારનાં રોજ સવારે ૮-૩૦ કલાકે કરવામાં આવેલ છે.પૂજા તથા અભિષેકનો લાભ લેવા ઈચ્છતા હરિભક્તોએ ઓફિસમાં સંપર્ક કરવો.

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી
એકાદશી સત્સંગ-સભા પ્રસંગે
(કાલુપુર મંદિર-હવેલી) "આપણે આપણા ઉપર 'દયા' કરવાની છે"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

માત્ર 'દ્રષ્ટિકોણ' બદલવાથી 'ઉદ્વેગ' ઓછો કે વધારે થાય છે. ધારો કે ભમરી કે મધમાખી આપણી નજીક આવે તો આપણને કરડવાની બીક લાગે છે એટલે એના ઉપર ખીજ ચડે છે. આપણને કરડવા આવે છે એના બદલે એવું વિચારીએ કે મને ફુલ સમજીને મારી નજીક આવે છે, તો ક્રોધ ઉદ્વેગ બધુ જતું રહે છે. પછી દરેક બાબતમાં એ લાગુ ના પડે પણ **જ્યાં શક્ય હોય ત્યાં મનની શાંતિ માટે દ્રષ્ટિકોણ બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ.**

આ જે મનુષ્ય શરીર આપણને મળ્યુ છે તે જેવા કર્મો કર્યા છે એના આધારે મળ્યું છે. આ શરીરને મહારાજે સિમિત સમય આપ્યો છે એની સાથે કેટલાક સંસાધનો પણ આપ્યા છે. પ્રારબ્ધકર્મ જેટલા ભોગવવાના હોય એ પૂર્ણ થઈ જાય ત્યારે આ શરીર સમાપ્ત થઈ જાય છે. **માણસ પ્રારબ્ધને ભોગવવા માટે જ જન્મે છે.** સમય આપણને કોઈને ખબર નથી. જેટલો સમય મળે છે એ જે પ્રકારે પ્રારબ્ધ સુખ કે દુઃખ ભોગવવાનું હોય છે. એના અનુસંધાનમાં બધા સંજોગો પણ આપોઆપ મળે છે. જ્યારે આપણા જીવનમાં કોઈ ઘટના ઘટે છે ત્યારે અમુક સંજોગો ઉભા થાય છે. આપણે ક્યારેય પણ વિચાર્યુ ના હોય એવી ઘટના ઘટીત થાય છે. એ પ્રારબ્ધ ભોગવવાનું હોય છે. માટે એવું બને છે. આપણા જીવનમાં એવી અચાનક કોઈક ઘટના ઘટીત થાય ત્યારે વિચલિત નહિ થવાનું. ભગવાનને પ્રાર્થના કરવાની કે **"આપ મારી સાથે રહેજો." અને દ્રષ્ટિકોણ બદલવા પર્યન્ત કરવાનો.** ભગવાને આપણને બધાને મનુષ્ય જન્મ આપ્યો છે તો જેટલા મનુષ્ય છે એ બધાને સરખુ જ સુખ મળવું જોઈએ ને, કેમ કે ? બધા મનુષ્યો છે. પણ એવુ નથી બનતુ. જુઓ એક માતા-પિતા હોય એને ચાર દીકરા હોય, ચારેય દીકરાના માતા-પિતા એક જ છે. પરિવારમાં બધાને બધુ સરખું હોવું જોઈએ ને પણ દરેક દીકરાનું આયુષ્ય સરખુ નથી. દરેક દીકરાના જીવનમાં સરખી પરિસ્થિતિ ઉત્પન્ન થતી નથી. કેમ કે ? **બધા પોતપોતાનું પ્રારબ્ધ ભોગવવા માટે આવે છે.** અમુક વખતે જીવનમાં ના ગમતી કોઈ ઘટના ઘટે અથવા ના ગમતી પરિસ્થિતિ ઉભી થાય તો માણસ ભજન-ભક્તિ ઓછી કરી દે છે કે મારી સાથે આવું કેમ થયું ? પણ એવું નહિ વિચારવાનું. **ભજનભક્તિ છે એ આપણા આત્માના કલ્યાણ માટે છે અને પેલી જે ઘટના ઘટી તે આપણું પ્રારબ્ધ છે.** અને ઘણાને એવું થાય છે કે ખબર નહિ હવે મારે જીવનમાં શું બાકી હશે ? મારે હજી કેટલી કઠિનાઈ ભોગવવાની છે ? એમ ડરી ડરીને નહિ રહેવાનું. એવું નહિ વિચારવાનું. જે થવાનું છે એ થવાનું જ છે. નક્કી જ છે. એને આપણે રોકી શકવાના નથી. જેટલા પ્રારબ્ધ આપણા બને છે એને પુરા કરવા ભગવાન સાથ પણ આપે છે. **શરણાગતને ભગવાન સાથ આપે છે. પ્રારબ્ધ માફ કરતા નથી.** ભગવાન મનુષ્યરૂપમાં આ પૃથ્વી પર આવે છે તો એમને પણ પ્રારબ્ધ ભોગવવું પડે છે. પણ એ બધુ આપણને શીખવવા માટે હોય છે. ઘણાને શું થાય છે. બીકના લીધે જીવનમાં ધર્મનું પાલન થાય છે. તેને **'ધર્મભીરુ'** કહેવાય છે. ઘણા લોકો **'ધર્મ-વત્સલ'** હોય છે. વત્સલ એટલે હેત, ધર્મ રાખવામાં પ્રીતિ હોય છે. ઘણા ધર્મશીલ હોય છે. **'ધર્મ-શીલ'** એટલે સ્વભાવથી જ ધાર્મિક હોય છે. ઘણાને પોતાનું જીવન જ ધર્મમય બની ગયું હોય છે. ધર્મશીલ રહેશું એટલે કે પોતાના સ્વભાવમાં ધર્મ રાખશું તો આપોઆપ ધર્મમય જીવન થવાનું જ છે. આપણે જે આપણું પ્રારબ્ધ ભોગવવા માટે આવ્યા છીએ એ જ રીતે પરમાત્મા શરીર, સમય અને સાધનો આપે છે. બધી પરિસ્થિતિ ઘટીત થતી જાય છે. આપોઆપ આપણને ખબર પણ નહિ પડે. **અંતર્યામી ખાલી ભગવાન છે. જે આપણા આત્મામાં રહીને આપણા આત્માનું નિયમન કરી રહ્યા છે.** આ શરીર એ આત્માનું ઘર છે. એવી રીતે આપણો આત્મા એ પરમાત્માનું ઘર છે. આપણને ઘર ચોખ્ખુ હોય તો ગમે ને. આત્મા એ પરમાત્માનું ઘર છે. તો આપણા આત્માને ધર્મ સહિત ભક્તિ કરી ચોખ્ખો રાખવા પ્રયત્ન કરવાનો. **૧૦૦% સાચા હૃદયથી શરણાગત થઈએ તો પરમાત્મા અનેક જન્મોના પાપને નષ્ટ કરે છે. પણ પ્રારબ્ધનો નાશ કરતા નથી એ ભોગવવું પડે છે.** આપણે સારા કર્મો કર્યા છે, એના ફળસ્વરૂપે મનુષ્ય શરીર મળ્યું છે. અને એમા ભગવાનની 'કૃપા' ભળેલી છે. ભગવાનને એવું થાય છે કે આ મનુષ્ય મારો શરણાગત થયેલો છે. સાચો છે, નિર્દોષ છે. તો હું એના બધા પ્રારબ્ધ પુરા કરી

દઉં અને પછી મારા ઘેર મારી સાથે લઈ જઉં. એમ મહારાજે આપણા ઉપર દયા કરી છે. પણ આપણને એવો ખ્યાલ આવતો નથી. આપણને આ સત્સંગની પ્રાપ્તિ થઈ છે એ ભગવાનની કૃપા છે. ૧૦૦% આધીનતામાં કેવી રીતે રહેવાનું, ધર્મ કેવી રીતે પાળવાનો, ભક્તિ કેવી રીતે કરવાની એના માટે શું સાધન કરવા પડે એ બધું જ્ઞાન સત્સંગમાં આવ્યા પછી શરણાગતિ સ્વીકાર્યા પછી થાય છે. રામાયણમાં તુલસીદાસજીની ચોપાઈ છે ને,

બિનુ સત્સંગ વિવેક ન હોઈ
પ્રભુકૃપા બિનુ સુલભ ન સોઈ

સત્સંગ વગર સારા-નરસાની અસર, વિવેક એ બધુ સમજાતું નથી. અને ભગવાનની કૃપા વિના સત્સંગની પ્રાપ્તિ સુલભ એટલે સહેલાઈથી થતી નથી. આપણને આ સત્સંગ મળ્યો છે એ ભગવાનની કૃપા છે. અને એનાથી પહેલા સૌથી મોટી કૃપા એ છે કે માનવ શરીર મળ્યુ છે. મનુષ્ય શરીર વિના ભજન-કીર્તન ભક્તિ આ બધુ શક્ય નથી. પરમાત્માએ માનવ શરીર આપ્યું છે અને સત્સંગીના ઘેર જન્મ આપ્યો છે. કોઈને સત્સંગમાં જન્મ ના મળ્યો હોય તો કોઈના માધ્યમથી સત્સંગનો 'યોગ' પ્રાપ્ત કરી આપ્યો છે. **કેવો સત્સંગ મળ્યો છે તો સૌથી મોટી 'કૃપા' એ છે કે નરનારાયણદેવ મળ્યા છે. ભરતખંડના રાજા ઘેર બેઠી મળી ગયા છે. આપણે કોઈ એવી સાધના નથી કરી. ભગવાને આપણા ઉપર આટલી બધી 'દયા' કરી છે તો આપણે પણ આપણી ઉપર 'દયા' કરવાની છે.** બહેનોને ઘરમાં કેટલું બધુ કામ હોય છે. શ્વાસ લેવાનો પણ સમય નથી હોતો. ક્યારેક બધુ કામ પરવારીને શાંતિથી બેઠા હોય ત્યાં કોઈક કાંઈક બોલાવે તો તરત દોડીને જાય છે. કેમ કે ? ઘરના સભ્યોમા એવું હેત છે. હેત હોવું જોઈએ પરિવારમાં જેથી કરીને ઘર ભાંગે નહિ. હેત ના હોય તો પણ ચાલે નહિ પણ ઉપરની જવાબદારી તરીકેનું હેત હોવું જોઈએ. આપણે આપણું વિચારતા જ નથી. એટલે બધી આસક્તિ હોય છે. **આત્મ કલ્યાણ માટે સ્વાર્થી થવું પડે. મહારાજે પોતાનું કલ્યાણ પહેલું કરવાનું કીધું છે. આત્મ કલ્યાણનું નહિ વિચારીએ તો આવા સત્સંગના યોગમાં મળેલો મનુષ્ય જન્મ વ્યર્થ જશે.** એટલે વિચારવાનું કે ચોર્યાસી લાખ યોનિમાં દોડી દોડીને હું હવે થાકી ગઈ છું. હવે મને આરામ જોઈએ. એમ પોતાની ઉપર દયા આવશે ત્યારે આ આધ્યાત્મિક માર્ગ પર ચલાશે અને આપણે સાચા હૃદયથી ૧૦૦% શરણાગત રહીને મોક્ષ મેળવવા પ્રયત્નશીલ થઈશું ત્યારે તેને પુરુ કરવામાં ભગવાન આપણી સાથે રહેશે. અને આપણને આપણા સાચા ઘેર લઈ જશે, હવે આપણે આપણા પર દયા રાખીને આપણા પ્રારબ્ધ જલ્દી પુરા કરીને પહોંચી જઈએ.

●

ગોપાળ યોગી

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)
(શ્રીહરિ વનવિચરણ ગતાંકથી ચાલુ)

બારસના દિવસે પુલહાશ્રમમાંથી મુક્તિનાથ ને મસ્તક નમાવી આગળ પ્રાયણ કર્યું છે. આગળ ચાલતા ચાલતા ઘણા દિવસે કોઈ એક યોગીના આશ્રમ આવ્યો છે. આ યોગીની પર્ણકુટિરે વર્ણીરાજ જાય છે. હજારો વર્ષથી ગોપાળયોગી તપ કરી રહ્યા છે. પૂર્ણ પુરૂષોત્તમના દર્શન માટે. ભૂખ લાગે ત્યારે વન ફળો નો આહાર કરે છે અને તરસ લાગે ત્યારે ઝરણાનું પાણી પીએ છે. પહેરવામાં કોપિન સિવાય કંઈ નથી. આવા યોગીરાજે વર્ણીરાજને આવતાં જોઈ ઘણી જૂની ઓળખાણ હોય અને એકબીજા મિત્ર ભેટે તેમ ખૂબ હર્ષથી ભેટી પડ્યા. વર્ણીરાજને પણ આવા સંતને મળીને અનહદ આનંદ થયો. યોગીએ વર્ણીરાજને અષ્ટાંગયોગ શીખવ્યો છે. તેમને શું શીખવાનું હોય, પરંતુ જેની પાસે વિદ્યા હોય તેમની પાસેથી ગ્રહણ કરવી એવું બતાવવા શ્રીહરિ આ લીલા કરી બતાવતા. આ જોઈ ગોપાળયોગી વિચારતા કે આ કોઈ મનુષ્ય નથી. આ તો નારાયણ ભગવાન મને દર્શન દેવા પધાર્યા છે. તેઓ એ વાત મનમાં દૃઢ કરે છે. અત્યાર સુધી અષ્ટાંગયોગની સાધના ફક્ત ચાર જણે કરી છે. (૧) શ્રીકૃષ્ણ ભગવાન (૨) ગોપાળ યોગી (૩) ભગવાન સ્વામિનારાયણ (૪) ગોપાળાનંદ સ્વામી. આ રીતે વર્ણીરાજ એક વર્ષ અહીં રોકાયા છે. આશ્રમની ફરતે હિંસક પ્રાણીઓ હતા. ભરવાડના નેશ હતા. હિંસક પ્રાણીઓ ભરવાડની ગાયો ઉપાડી જતા હતા. તેથી ભરવાડો આજીજી કરવા આવ્યા. ત્યારે વર્ણીરાજે કહ્યું કે શંખ વગાડો. હિંસક પ્રાણીઓ ભાગી જશે. યોગીરાજે શંખ ફૂંક્યો. હિંસક પ્રાણીઓ પલાયન થઈ ગયા અને ગોવાળો સુખેથી રહેવા લાગ્યા. વર્ણીરાજે આમ ગોપાળ યોગીને આત્મતત્વનું જ્ઞાન આપ્યું અને પચંતત્વ દેહને મુકાવી પરમધામ ને પમાડ્યા. ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી વર્ણીરાજ ચાલી નીકળ્યા.

એક સંતના તપ, જ્ઞાન, નિષ્કામ વ્રત અને નિઃસ્પૃહિતા જોઈને વર્ણીરાજ સામે ચાલી પધાર્યા છે. પરમેશ્વરને રુચે એવી ક્રિયા કરો કે પરમેશ્વર સામે ચાલીને આવે. પરમકૃપાળુ પરમાત્માને શુધ્ધ ભાવે સેવો. કંઈ માગવાની જરૂર નહિ પડે. બધી જ ચિંતા શ્રીહરિ કરશે.

સત્સંગ સમાચાર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૫૪ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરના પ્રસાદીના સભામંડપમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં, ખૂબ મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રીહરિના ૭ માં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ્રાતઃ સ્મરણીય આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ૫૪ મો પ્રાકટ્યોત્સવ ખૂબ દિવ્યતા અને ભવ્યતાથી ઉજવાયો.

સવારના સવા આઠ કલાકે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના આગમન ને લાલ કારપેટ પાથરીને ઢોલના નાદ અને શરણાઈઓની સુમધુર સુરાવલીઓ સાથે આનંદ છાયો, આનંદ છાયો... એ ઉત્સાહ પ્રેરક ગીત અને આગમનની છડી પોકારીને પ્રતિક્ષા કરતા સંતો, હરિભક્તો અને સાંખ્યયોગી બહેનો (મર્યાદામાં રહી)એ વધાવ્યું હતું. ત્રણેય સ્વરૂપોએ ત્રણેય દેરામાં શ્રીહરિના સ્વરૂપોની શણગાર આરતી ઉતારી ભાવથી દર્શન કર્યા હતા. પૂજારી બ્રહ્મચારી મંડળે ઠાકોરજીને સોનેરી તીરના ભાથા સહિત ધનુષ્ય બાણ અને ઢાલ તલવાર આદિક શસ્ત્રો ધરાવ્યા હોવાથી વિજયા દશમીનું શસ્ત્ર પૂજન પણ સહજતાથી થઈ ગયું હતું.

શ્રીહરિના ત્રણેય સ્વરૂપો સુંદર રીતે શણગારેલા સભામંડપમાં બિરાજ્યા એટલે સૌ પ્રથમ જેતલપુર પાઠશાળાના ભૂદેવોએ સ્વસ્તિવાચન સાથે પૂજન કર્યું હતું ત્યાર પછી પ.ભ. શ્રી રામજી કેસરા વરસાણી (સામતરા-કચ્છ) યજમાન પરિવારે પૂજન કર્યું હતું. પછી મોટેરા વિદ્વાન સંતો, ટ્રસ્ટીશ્રીઓ, અગ્રણ્ય હરિભક્તોએ ફુલહારથી પૂજન કરી યજમાન પરિવાર સાથે ધર્મકુળની આરતી ઉતારી હતી. અમદાવાદ, જેતલપુર, વડનગર, ઈડર, ટોરડા વગેરે ધામોના મહંત સ્વામીઓએ પ.પૂ. મહારાજશ્રીને પ્રાકટ્યદિવસની રૂડી શુભ કામનાઓ પાઠવી હતી.

ટોરડા મંદિરના મહંત શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજીના પ્રયાસથી મંદિર સંકુલનું વિસ્તૃતિ કરણ કાર્ય ચાલી રહ્યું હોવાથી તેના સહયોગરૂપે આપણા પૂર્વ ટ્રસ્ટી શ્રી રતિભાઈ ખીમજીભાઈ પટેલે (મેડા) ટોરડા મંદિરની બાજુના બે મકાન પોતાના નામે ખરીદી તે બન્ને પ્લોટ દેવને અર્પણ કરવારૂપ દસ્તાવેજ તેઓશ્રી દ્વારા પ.પૂ. મહારાજશ્રીના કરકમળમાં અર્પણ કરવામાં આવ્યો હતો. યજમાન પરિવાર તથા આગેવાન હરિભક્તોનું યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. પ.પૂ. માતુશ્રીએ હવેલીમાં બિરાજીને સમસ્ત સ્ત્રી ભક્તોને દર્શન પૂજનનું દિવ્ય સુખ આપ્યું હતું.

અંતમાં, ત્રણેય સ્વરૂપોએ ઉપસ્થિત સમસ્ત ભક્ત સમુદાયને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. સ્વામી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ)એ સંભાળ્યું હતું.

મહંત સ્વામીના સમસ્ત મંડળે પધારેલ સર્વ સંતો-ભક્તો માટે ભોજન પ્રસાદ આદિકની સુંદર વ્યવસ્થા કરી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

અમદાવાદ મંદિરમાં શરદોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના સાંજના ભવ્ય શરદોત્સવ ઉજવાયો. પ્રસાદીના વિશાળ ચોકમાં ચંદ્રની શિતળ છાયામાં શ્વેત કાપડના સુંદર મંડપમાં શ્રીહરિને બિરાજમાન કરી શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે ભવ્ય ઓચ્છવ કર્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને ઠાકોરજીની આરતી ઉતારી હતી ત્યારબાદ સભામાં બિરાજમાન થયા હતા. હરિભક્ત ભાઈ-બહેનોએ સંપ્રદાયની મર્યાદામાં રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. સંત-હરિભક્તોએ વિશાળ સંખ્યામાં ચોકમાં પધારીને લાભ લીધો હતો. છેલ્લે સૌને અલૌકિક દૂધ પૌવાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ મહંત શા. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી આગામી ''ત્યોહાર''ના ઉપલક્ષમાં તા. ૨૭-૯-૨૦૨૬ ને રવિવારના રોજ સંતો-હરિભક્તો ભાઈઓ-બહેનોએ સંપ્રદાયની મર્યાદાનું પાલન કરી ધોળકામાં શ્રીહરિએ સ્વહસ્તે પધરાવેલા શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજની ૨૦૦ પ્રદક્ષિણા કરી હતી. તેમજ પ્રસાદીના સ્થળોનું દર્શન કર્યું હતું. પ.ભ. વિશાલભાઈ ગોરસીયાના યજમાનપદે મંગલ મંદિર માનવ સેવા

પરિવારના નિરાધાર ભાઈ-બહેનોને ભોજન પ્રસાદ જમાડવામાં આવ્યો હતો. તેમજ એ દિવસે આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં એપ્રોચ સત્સંગ સમાજના ભક્તજનોએ સમૂહ મહાપૂજાનો દિવ્ય લાભ લીધો હતો.

એજ દિવસે મંદિરના સક્રિય ઉત્સાહી યુવાનોના આયોજનથી બાળકોમાં એકતા, ખેલદિલી, સાહસ, રમત-ગમતમાં અભિરુચિ વગેરે ગુણો કેળવાય એવા શુભ હેતુથી અમદાવાદ પૂર્વ વિસ્તારના આપણા મંદિરોના બાળ મંડળો માટે બોક્ષ ક્રિકેટ લીંગ (**Season-2**) નું આયોજન કર્યું હતું. જેમાં એપ્રોચ બાપુનગર, હર્ષદ કોલોની, નિકોલ, નરોડા અને વસ્ત્રાલ ગુરુકુળના બાળકોની કુલ ૬ ટીમે ભાગ લીધ હતો. જે પૈકી હર્ષદ કોલોની ટીમ વિજેતા ટીમ તથા નરોડા ટીમ ઉપ વિજેતા ટીમ જાહેર થઈ હતી. મહંત શા. સ્વામી ધર્મનંદનદાસજી તથા કોઠારી સ્વામીના હસ્તે વિજેતા ટીમને ગોલ્ડ ટ્રોફી તથા પાંચ શ્રેષ્ઠ ખેલાડીઓને પ્રતિકાત્મક ટ્રોફી તેમજ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા ટીમના દરેક ખેલાડીઓને અનુક્રમે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલથી પ્રોત્સાહિત કરવામાંઆવ્યા હતા.

BCL સમિતિના યુવાનો તથા બાળમંડળના સંચાલકોના સહયોગથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો. ભાદરવા માસનો ગણપતિ ઉત્સવ તેમજ ઠાકોરજીનો જળઝીલણી ઉત્સવ પણ ધામધૂમથી સંપન્ન થયો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ૨૦૦ મિનિટની ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તા. ૩-૧૦-૨૦૨૬ ના રોજ આગામી ધોળકા "ત્યોહાર"ના ઉપલક્ષમાં ૨૦૦ મિનિટની ષડક્ષરી "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કાલુપુર મંદિરથી મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી તથા ધોળકા મંદિરથી મહંત શા. સ્વામી સત્યસંકલ્પદાસજી સંતોના મંડળ સહિત પધારી રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. ભાદરવા માસનો ગણપતિ ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. (ગોરધનભાઈ વી. સીતાપરા)

કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાધ્ધ પક્ષમાં વિશેષ ભજન ભક્તિ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અત્રે મંદિરના મહંત શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજીના માર્ગદર્શનથી અત્રેના હરિભક્તોએ શ્રાધ્ધ પક્ષમાં વિશેષ ધૂન-ભજન, કીર્તન આદિ કર્યા હતા. આપણા મંદિરમાં સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(મહંત સ્વામી - કાંકરિયા)

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રસાદીધામ પાટણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તા. ૨૭-૯-૨૦૨૬ રવિવારના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આપણા ધોળકા મંદિરના આગામી "ત્યોહાર"ના ઉપલક્ષમાં મહાઅન્નકૂટ બનાવી ઠાકોરજીને ધરાવવામાં આવ્યો હતો. જે તમામ પ્રસાદ સુંદર પેક કરી દરિદ્રનારાયણને જમાડ્યો હતો. કટકીયા વાડ પ્રસાદીના આપણા મંદિરમાં ૨૦૦ મિનિટની મહામંત્ર ધૂનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ્વામી શા. પી.પી. સ્વામી, નારણઘાટના મહંત સ્વામી, ઠાકોરજીના પૂજારી બ્રહ્મચારી સ્વામી અને સ્વામી જયપ્રકાશદાસજી આદિ સંત મંડળે કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ઊંઝાથી સાંખ્યયોગી હંસાબા, વનીતાબાએ બહેનોને સુંદર લાભ આપ્યો હતો. આ પ્રસંગે પાટણ (જુનું મંદિર) ઉંઝા, સિધ્ધપુર, મોટપ, ચાણસ્મા, મંડલોપ, વેણુપુરા, અંબાળા, દિયોદર, ભાભર, ડીસા આદિ ગામોના હરિભક્તો પધાર્યા હતા. (કોઠારીશ્રી પાટણ મંદિર)

ફક્ત ધર્માદા માટેનો QR Code



અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણદેવના કોઠારમાં આપનો દશાંશ - વિશાંશ ધર્માદા માટેનો આ QR Code છે. જે ફક્ત ને ફક્ત ધર્માદા માટેનો જ છે. તેની સર્વે હરિભક્તોએ ખાસ નોંધ લેવી.

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

ભાદરવા સુદ-૧ પ.ભ. કામિનીબેન અનીલભાઈ વ્યાસ (નરોડા), પ.ભ. કોકીલાબેન મફતભાઈ પટેલ (સુઘડ), પ.ભ. ઘનશ્યામભાઈ આદરભાઈ પટેલ (શિલજ), પ.ભ. જય દેવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કેસરબાઈ કરશનભાઈ ગોરસીયા (બળદીયા-કચ્છ). **ભાદરવા સુદ-૨** પ.ભ. જગદીશભાઈ હરિભાઈ કોરાટ (બગસરા), પ.ભ. કિરીટભાઈ કાંતિભાઈ પટેલ (દેલવાડા), પ.ભ. ઈશ્વરભાઈ ત્રિભોવનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. સવિતાબેન ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. કાળાભાઈ ગોવિંદભાઈ પટેલ (મારૂસણા), પ.ભ. પોદીબેન જેઠાભાઈ પટેલ (લાલોડા). **ભાદરવા સુદ-૩** પ.ભ. જસવંતભાઈ ભીખાભાઈ ચોકસી (અમદાવાદ), પ.ભ. ધ્રુવલ મિલનભાઈ સોની (અમદાવાદ), પ.ભ. બળદેવભાઈ જમનાદાસ પટેલ (ડાંગરવા), અ.નિ. સ્વામી મુકુંદજીવનદાસજી (દિલ્હી). **ભાદરવા સુદ-૪** પ.ભ. ઉષાબેન રાજેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. વિમળાબેન વ્રજલાલ સોની (અમદાવાદ), સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા-પોરડા), પ.ભ. કિશોરભાઈ ભીખાભાઈ ક્યાડા (નવા નરોડા), પ.ભ. અ.નિ. અંબાબેન ભોગીલાલ પટેલ (કેનેડા), પ.ભ. કલ્પેશભાઈ પરસોતમભાઈ પટેલ (ભાવપુરા). **ભાદરવા સુદ-૪/૫** પ.ભ. રજતકુમાર આશિષભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. અ.નિ. છગનભાઈ નાથજી ચૌધરી (બાલવા). **ભાદરવા સુદ-૫** વર્ણીરાજ યાત્રા સંઘ (દહીંસરા-કચ્છ), પ.ભ. કનુભાઈ ભાવજીભાઈ પટેલ (અમદાવાદ). **ભાદરવા સુદ-૬** પ.ભ. અ.નિ. કંચનબેન મોહનભાઈ ધડુક (નિકોલ), પ.ભ. અ.નિ. ભગવતીબેન ગણતભાઈ પટેલ (ભોજપરા). **ભાદરવા સુદ-૭** પ.ભ. બળદેવભાઈ માવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. બળદેવભાઈ લવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. વિરેન્દ્રસિંહ પ્રદિપસિંહ ચુડાસમા (જામનગર). **ભાદરવા સુદ-૮** પ.ભ. અ.નિ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ શિષ્ય મંડળ (ઉમરેઠ). **ભાદરવા સુદ-૯** પ.ભ. અંકુરભાઈ ઈશ્વરભાઈ સુહાગીયા (અમદાવાદ), પ.ભ. મણીભાઈ જેઠાભાઈ ચૌધરી (બદપુરા), પ.ભ. અશોકભાઈ કનુભાઈ કાનાણી (સુરત), પ.ભ. મંગળભાઈ ધરમદાસ પટેલ (ડાંગરવા), પ.ભ. રજનીકાંત ઈશ્વરભાઈ પટેલ (લવારપુર). **ભાદરવા સુદ-૧૦** પ.ભ. અ.નિ. કુવરજી ગાગજી ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ. ઘનશ્યામભાઈ રતીલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. મનોજકુમાર કુવરજી પટેલ (માનકુવા-કચ્છ), પ.ભ. અ.નિ. લાડુબેન હરજીભાઈ પટેલ (અમદાવાદ). **ભાદરવા સુદ-૧૧** પ.ભ. કેસરા વાલજી હિરાણી - રામબાઈ કેસરા હિરાણી (કોડકી-કચ્છ). **ભાદરવા સુદ-૧૨** પ.ભ. નિતીનભાઈ ઘનશ્યામભાઈ પટેલ (ઝારોલા), પ.ભ. હસુમતીબેન મનુભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જયેન્દ્રભાઈ અલૈયા (સુરેન્દ્રનગર), પ.ભ. અ.નિ. સમજુબેન કેશવભાઈ લખાણી (સુરત), શ્રી નરનારાયણ ઈન્ડ્રા. પ્રા.લી. પ.ભ. જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), મહિલા મંડળ (સુરત). **ભાદરવા સુદ-૧૩** પ.ભ. લાલજી દેવજી ભુવા (સુખપર-કચ્છ), પ.ભ. અ.નિ. વિરજી કરશન રાબડીયા (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. રસિકભાઈ અંબાલાલ પટેલ (મોખાસણ). **ભાદરવા સુદ-૧૪** પ.ભ. શિવજી લાલજી વોરા (માનકુવા-કચ્છ), પ.ભ. કાંતિલાલ અંબાલાલ પટેલ (માણસાવાળા). **ભાદરવા સુદ-૧૫** પ.ભ. જશોદાબેન રમણલાલ પટેલ (રનેલા), પ.ભ. વાલજી શિવજી રૂપારેલીયા (સુખપર-કચ્છ), પ.ભ. મગનભાઈ વી. ગાંગાણી (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ વિઠ્ઠલદાસ પટેલ, પ.ભ. ભૂપતલાલ જેઠાલાલ જડીયા (રાજકોટ), પ.ભ. શોભનાબેન અલ્પેશભાઈ કથીરીયા (સુરત).

ભાદરવા વદ-૧ પ.ભ. ડૉ. મયુરભાઈ (અમદાવાદ), પ.ભ. પ્રવિણ પ્રહલાદભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. અ.નિ. ધીરજલાલ જી. સોની (અમદાવાદ), પ.ભ. નવીનભાઈ ઈશ્વરભાઈ પટેલ (નરોડા), પ.ભ. અ.નિ. કાળીદાસ નરસીભાઈ પટેલ (ગુલાબપુરા), પ.ભ. અ.નિ. રમણભાઈ બકોરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. ઘનશ્યામભાઈ સોમાભાઈ પટેલ (કલોલ), પ.ભ. જગદીશભાઈ જેશંગભાઈ તલસાણીયા (અમદાવાદ), પ.ભ. મૃગેશભાઈ ધીરૂભાઈ ધાનાણી (અમદાવાદ), પ.ભ. અ.નિ. પરથીજી શિવાજી (લણવા), પ.ભ. નીલાબા મગનજી રાજપૂત (લણવા). **ભાદરવા વદ-૩** પ.ભ. કિરીટભાઈ ચતુરભાઈ પૂજારા (વાસણા), પ.ભ. અ.નિ. રમણીકભાઈ નાનજીભાઈ વેગડ (અમદાવાદ), પ.ભ. અ.નિ. લલ્લુભાઈ જીવાભાઈ ભલગામડીયા (અમદાવાદ). **ભાદરવા વદ-૪/૫** પ.ભ. અ.નિ. ચંદ્રકાંતભાઈ નટવરભાઈ પંચાલ (અમદાવાદ), પ.ભ. બળદેવભાઈ જોઈતારામ ચૌધરી (ઈશ્વરપુરા-બદપુરા), પ.ભ. અ.નિ. લાલભાઈ ચતુરભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. વિજયભાઈ જગદીશચંદ્ર ત્રિવેદી (બાલાસિનોર), પ.ભ. અ.નિ. કાંતિભાઈ ચતુરભાઈ ભોરણીયા (અમદાવાદ), પ.ભ. હિરજી હરજી વરસાણી (નારણપર-કચ્છ), પ.ભ. અ.નિ. વિરજી કલ્યાણ પાધરા, અ.નિ. સુંદર વિરજી (સુખપર-કચ્છ), પ.ભ. આહાન શનિકુમાર પટેલ (ટી.પી.-૪૪). **ભાદરવા વદ-૬** પ.ભ. અ.નિ. મહેન્દ્રસિંહ ઝાલા (અડવાળ), પ.ભ. રઘુવીર અમીન (અમદાવાદ), પ.ભ. અ.નિ. મધુકાંતાબેન માણેકલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. જયંતિભાઈ હરિભાઈ પટેલ (જવારજ), પ.ભ. અ.નિ. નાથાભાઈ ચતુરભાઈ પટેલ (લસુન્દ્રા), અ.નિ. સ.ગુ. શા. સ્વામી હરિપ્રકાશદાસજી (ગાંધીનગર), પ.ભ. ઘનંજયભાઈ પ્રભુદાસ રવાણી (અમદાવાદ). **ભાદરવા વદ-૭** પ.ભ. વનરાજ જીજ્ઞેશભાઈ પટેલ (બાયડ), પ.ભ. મધુબેન નાનજીભાઈ મકવાણા (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ અમીચંદભાઈ પટેલ (સાપાવાડા), પ.ભ. ડી.ટી. આચાર્ય, પ.ભ. ખુમાનસિંહ હેમુજી ચૌહાણ (ટાંકીયા), પ.ભ. મહેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પરમાર (અમદાવાદ), પ.ભ. દિપકુમાર ચિમનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રસિકભાઈ જાદવજીભાઈ પટેલ, સવિતાબેન (ધરમપુર). **ભાદરવા વદ-૭/૮** અ.નિ. સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર મંદિર), પ.ભ. પરસોતમભાઈ નારણદાસ પટેલ (ચેનપુર), પ.ભ. અ.નિ. કોકીલાબેન જગદીશભાઈ ગાંધી (અમદાવાદ), પ.ભ. અ.નિ. કૈલાસબેન જગદીશચંદ્ર ત્રિવેદી (બાલાસિનોર), પ.ભ. અ.નિ. ઘનશ્યામભાઈ ત્રિકમલાલ પરીખ (અમદાવાદ), પ.ભ. પરેશભાઈ રમણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ ગજજર (નવાવાડજ), શ્રી ઉત્સવ મહિલા ગૃપ (સાબરમતી), શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ, પ.ભ. વિજયભાઈ ઘનશ્યામભાઈ રાઠોડ (અમદાવાદ). **ભાદરવા વદ-૯** પ.ભ. અ.નિ. વંદનાબેન મિનેષભાઈ ત્રિવેદી (સુરત), પ.ભ. અ.નિ. પ્રભાબેન નારણભાઈ રાઠોડ (રાજકોટ), પ.ભ. કાનજીભાઈ વેલાભાઈ પટેલ (ગવાડા), પ.ભ. મંગુબેન નરસીભાઈ (અમદાવાદ), પ.ભ. તરૂણાબેન પ્રવિણભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. અ.નિ. હિરાબેન કાનજીભાઈ પટેલ (વાલમ), પ.ભ. અ.નિ. કુમુદબેન નરટવરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. મનુભાઈ સી. પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. લાભુબેન પરસોતમભાઈ લહેરી (અમદાવાદ), પ.ભ. શારદાબેન યુ. પાટડીયા (શિલજ), પ.ભ. સોનાબેન મગનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ડૉ. ઉર્મિબેન પૂજારી (બોટાદ), પ.ભ. નારણભાઈ કાળુભાઈ જાગાણી. **ભાદરવા વદ-૧૦** પ.ભ. અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ (અમદાવાદ), પ.ભ. કમળાબેન બાલચંદભાઈ પટેલ (વિરાટનગર), પ.ભ. મીનાક્ષીબેન રવિકાંતભાઈ મસ્કી (અમદાવાદ), અમદાવાદ હવેલી મહિલા મંડળ (કાલુપુર), પ.ભ. અ.નિ. મંગુબેન માણેકલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. લલીતભાઈ ભીખાભાઈ ધાનાણી (અમદાવાદ). **ભાદરવા વદ-૧૧** પ.ભ. અશ્વિનકુમાર કાંતિલાલ સોની (અમદાવાદ). **ભાદરવા વદ-૧૨** પ.ભ. ક્રિષ્ણા ઘનશ્યામભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. પુરબાઈ વેલજી વેકરીયા (મીરજાપુર-કચ્છ), પ.ભ. જેશંગભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી (બાલવા), શ્રી સ્વામિનારાયણ મંદિર પાસોદરા સ્વામી લક્ષ્મણજીવનદાસજી, આઈ.એસ.એસ.ઓ., એલ.એ. સમસ્ત હરિભક્તો પરિવાર, પ.ભ. અણદારામ ગંગારામ પટેલ (ગુડામાલાની-વાલી), પ.ભ. અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ઓળા), પ.ભ. વસંતભાઈ કલોલા (ગાંધીનગર), પ.ભ. રિધ્ધિ આશિષ ભાવસાર (અમદાવાદ). **ભાદરવા વદ-૧૩** પ.ભ. હરિશભાઈ ગોરધનભાઈ (અમદાવાદ), પ.ભ. અ.નિ. રામજીભાઈ નાનજીભાઈ રામાણી (ભંડારીયા), પ.ભ. અ.નિ. લક્ષ્મીનારાયણ ગિરધરદાસ રાવલ (સાણંદ), પ.ભ. અ.નિ. અંબાલાલભાઈ નાથાલાલ પટેલ (ઝુંડાલ), પ.ભ. ધનજીભાઈ જેઠવા પેઈન્ટર (વડતાલ), પ.ભ. અ.નિ. હસુમતિબેન હરિકૃષ્ણભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. અ.નિ. મનુભાઈ ભગવાનભાઈ કુણપુરા (અમદાવાદ). **ભાદરવા વદ-૧૪** પ.ભ. અ.નિ. શોભનાબેન લક્ષ્મીનારાયણ રાવલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. જગદીશચંદ્ર ઓચ્છવલાલ ત્રિવેદી (બાલાસિનોર), પ.ભ. પ્રવિણભાઈ રણછોડભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. સૂજલભાઈ અલ્પેશભાઈ ભાવસાર (અમદાવાદ). **ભાદરવા વદ-૩૦** પ.ભ. નિકુંજભાઈ નરેશભાઈ ભાલાળા (અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ એન. પૂજારા (અમદાવાદ), પ.ભ. મિનાક્ષીબેન મસ્કી (અમદાવાદ), પ.ભ. પ્રહલાદભાઈ પટેલ (કોઠારી) (વાસણા), પ.ભ. કાંતિભાઈ છોટાભાઈ સુથાર (મરતોલી), પ.ભ. દક્ષાબેન આશિષ નેહલ-ઉર્વિ (અમદાવાદ), પ.ભ. ઉષાબેન એમ. પટેલ (અમદાવાદ), પ.ભ. અશોકભાઈ શામજીભાઈ કણજરીયા (અમદાવાદ), પ.ભ. દિપ્તેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ (સુણાવ), પ.ભ. અ.નિ. જયંતીલાલ જમનાદાસ શાહ (અમેરિકા)

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
Editor : Shastri Swami Purushottamprakashdasji



નારણઘાટ મંદિરમાં શ્રી હનુમાનજી મહારાજની પુનઃ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



નારણપુરા મંદિરમાં કથા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ત્યોહાર
ધોળકા
6 to 10 January 2027













માણેકપુર (ચૌધરી) મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારતા સંતો

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026





શરદ પૂનમે અમદાવાદ મંદિરના પ્રસાદીના ચોકમાં ઉમળકાભેર રાસ રમતા હરિભક્તો.







દરપૂનમે નિયમિત થતી સત્સંગ સભાનો પ્રારંભ કરાવતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સભામાં દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





અદાણી શાંતિગ્રામ “મંદિર”ના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકાધામમાં બિરાજમાન શ્રી મોરલીમનોહરદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનો
૨૦૦ વર્ષ દ્વિશતાબ્દી મહોત્સવ
શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોળકા (મુખ્ય)
ફાયર સ્ટેશનની બાજુમાં, જી.અમદાવાદ
શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ ઝોન
ત્યોહાર ધોળકા
6 to 10 January 2027
Praful Kharsani